દાખલ તારીખ :- ૦૯-૦૭-૨૦૨૪
નોંધણી તારીખ :-૦૯-૦૭-૨૦૨૪
ફેંસલ તારીખ :- ૨૩-૦૪-૨૦૨૬
સમયગાળો :- <u>**વર્ષ–માસ–દિવસ**</u>
**૦૧ – ૦૯ – ૧૪**

---

**પાટણ જીલ્લાના મહે.સ્પેશ્યલ જજ(પોકસો) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

---

**સ્પે.પોકસો કેસ નં.૩૫/૨૦૨૪**
**આંક :- ૯૬**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :-** (૧) **ચંદનજી વિહાજી ઠાકોર,**
ઉં.વ.આ.૫૩, ધંધો : મજુરી,
રહે.અનાવાડા, ઈન્દીરાપરૂ, તા.જી.પાટણ.
(૨) **ગોપાલભાઈ ધનાભાઈ રણછોડભાઈ ભરવાડ,**
ઉં.વ.આ.૪૯, ધંધો : પશુપાલન,
રહે.અનાવાડા, રામદેવપીર મંદિરની બાજુમાં,
તા.જી.પાટણ.

---

**આરોપ :-** ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨), ૨૨૮(એ), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૨૩(૨) મુજબ.

---

**એડવોકેટસ :-**
ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.
આરોપી નં.૧ તરફે ડેપ્યુટી એલ.એ.ડી.સી.વિ.વકીલશ્રી એસ.ડી.સિયોલા.
આરોપી નં.૨ તરફે વિ.વકીલશ્રી આર.બી.જોષી.

---

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૦૧/૦૭/૨૦૧૭ થી તા.૧૫/૦૧/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૧/૦૫/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૦૯/૦૭/૨૦૨૪ |

| | |
|---|---|
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૦૩/૧૦/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૨૪/૧૦/૨૦૨૪ |
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | તા.૨૨/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | તા.૨૩/૦૪/૨૦૨૬ |

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચંદનજી વિહાજી ઠાકોર | ૧૧/૦૫/૨૦૨૪ | યુ.ટી.પી. | ઇ.પી.કો.કલમ- ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨), ૨૨૮(એ), ૧૧૪ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૨૩(૨) | સજા | આખરી હુકમ મુજબ | ૦૧ વર્ષ, ૧૧ માસ, ૧૨ દિવસ |
| ૨. | ગોપાલભાઇ ધનાભાઇ રણછોડભાઇ ભરવાડ | ૨૯/૦૫/૨૦૨૪ | ૧૫/૦૬/૨૦૨૪ | ઉપર મુજબ | છુટી ગયો | -- | ૧૬ દિવસ |

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨), ૨૨૮(એ), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૨૩(૨) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટે **નિપુન સકશેના વિરૂધ્ધ યુનિયન ઓફ ઇન્ડીયા, ૨૦૧૯(૧) એસીઆર પેજ નં.૬૬૩** ના ચુકાદામાં આપેલ ડાયરેકશન મુજબ તથા પોકસો એકટની કલમ-૩૩(૭) મુજબ ભોગ બનનારની ઓળખ જાહેર ન થાય તે માટે આ જજમેન્ટમાં તેણીના નામનો કોઇ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૩) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે ફરીયાદ ભોગ બનનારે આપેલી છે. તેણીની જન્મ તા.૩૦/૧૦/૨૦૦૪ ની

છે. સને–૨૦૧૭ ના બપોરના આશરે બે વાગ્યાના સુમારે ફરીયાદી તથા તેણીના પિતા તેઓના ઘરે હતા તે દરમ્યાન તેણીના પિતાએ તેણીને ઘરમાં બોલાવેલ અને તેણી ઘરમાં જતા તેણીના પિતાએ તેણીની લેંગીઝ ઉતારી તેણીના પિતા તેણીના ગુપ્ત ભાગે હાથ ફેરવવા લાગેલ અને તેણીની યોનીના ગુપ્તાંગના ભાગે આંગળી ફેરવી અડપલા કરવા લાગેલ અને તેણીને શારીરિક સંબંધ બાંધવા ઉત્તેજીત કરતા તેણી ડરી ગયેલ અને રડવા લાગેલ, તેમ છતા તેણીના પિતાએ તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ અને તેણીને કહેલ કે, જો તેણી કોઇને કહેશે તો તેણીને જાનથી મારી નાંખશે તેવી ધમકી આપેલ અને બાદ તેઓ ઘરેથી જતા રહેલા. ત્યારબાદ તે દિવસે તેઓ રાતના ઘરે આવેલ અને ભોગ બનનારને જગાડીને તેણીની સાથે ફરીથી શારીરિક સંબંધ બાંધેલ અને ત્યારબાદ અવાર નવાર તેણીની સાથે શારીરિક સંબંધ બાંધતા અને તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ શારીરિક ગુપ્ત ભાગે અડપલા કરતા અને તેણી ના પાડે તો તેણીની સાથે મારઝુડ કરતા અને મારી નાંખવાની ધમકીઓ આપતા. જેથી તેણી મજબુરીવશ તેણીની આબરૂ ના જાય તે માટે તેણી ચુપચાપ સહન કરવા લાગેલી અને ફરીયાદ આપ્યાના આશરે ચારેક માસ પહેલા રાત્રીના દસથી બારેક વાગ્યાના સુમારે તેણી ઘરમાં એકલી સુતી હતી તે દરમ્યાન તેણીના પિતા ઘરની અંદર આવેલ અને તેણીને જગાડીને તેણીની સાથે સુઈ જવા કહેતા, તેણીએ ના પાડતા તેણીના પિતા તેણીને મારવા લાગેલ અને કહેલ કે, તું મને નહીં કરવા દે તો હું તને અને તારા ભાઈ તથા તારી માતાને જાનથી મારી નાંખશે તેવી ધમકી આપવા લાગતા તેણી ગભરાઇ ગયેલ અને તેણીની સાથે ફરીથી તેણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ. ત્યારબાદ તેણી તેણીના પિતાને ના પાડે તો તેણીને મારતા અને શારીરિક અડપલા કરતા તેમજ તેણીની સાથે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતા. જેથી ભોગ બનનાર કંટાળી ગયેલ અને તા.૧૬/૦૪/૨૦૨૪ ના રોજ બપોરના આશરે એકાદ વાગ્યાના સુમારે તેણી તથા તેણીની માતા તથા તેણીનો ભાઇ ઘરે હતા, તે દરમ્યાન તેણીએ તેણીની માતા તથા ભાઇને કહેલ કે, તેણીના પિતા અવાર નવાર તેણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધે છે અને અડપલા કરે છે અને તેણીને મારે છે. ત્યારબાદ તેઓ બધા ગભરાઇ ગયેલ અને આ બાબતે કોઇને જાણ કરેલ

નહીં અને જયારે તેણી ઘરે એકલી હોય ત્યારે તેણીની સાથે શરીર સંબંધ બાંધવા દબાણ કરતા. જેથી ફરીયાદ આપ્યાના એકાદ મહિના પહેલા ભોગ બનનાર તથા તેણીની માતા અને ભાઇ તેણીના મોટા ભા (બાપુ) ના ઘરે ગયેલ અને તેઓને ઉપરોકત હકીકતને જાણ કરેલ અને ત્યારબાદ તેણીના મોટા ભા (બાપુ)એ ફરીયાદ કરવા જવાનું કહેલ. પરંતુ, થોડા દિવસ પછી તેણીના મોટા ભા (બાપુ) મરણ ગયેલ હોઇ, તેઓએ ફરીયાદ કરેલ નહીં અને ત્યારબાદ પણ ભોગ બનનારના પિતાએ તેણીની સાથે અવાર નવાર શારીરિક અડપલા કરવાનું ચાલુ રાખેલ તેમજ તેણીના પરિવારને માર મારતા હોઈ, જેથી ભોગ બનનારે આ સબબની પાટણ તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ નોંધાવેલી. સદર ફરીયાદ પાટણ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૧૭૦૨૬૨૪૦૨૪૨/૨૦૨૪ થી નોંધી, આ અંગેની તપાસ કરનાર અમલદારે તપાસ શરુ કરેલી. તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ ગુનાવાળી જગ્યાના પંચનામા કરેલા, તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા અન્ય સાહેદોના નિવેદનો લઈ, જરૂરી પંચનામા કરીને, ભોગ બનનાર તેમજ આરોપી તેણીના પિતાની મેડીકલ તપાસ કરાવીને પૂરાવા એકઠા કરેલા. મુદ્દામાલ કપડા અને નમુનાઓ એકત્ર કરી એફ.એસ.એલ. ખાતે મોકલી આપેલા. સંપૂર્ણ તપાસના અંતે ભોગ બનનાર સગીર વયની જણાઇ આવતા તેમજ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૭૬ (૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨), ૨૨૮(એ), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૨૩(૨) હેઠળનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ, પાટણમાં રજુ કરેલુ.

(૪) આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરાવી તેઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨), ૨૨૮(એ), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૨૩(૨) મુજબના ગુનાઓનું તહોમતનામું ફરમાવવામાં આવેલ તથા આંક–૧૨ અને આંક–૧૩ થી આરોપીઓનું

નિવેદનો લેતા, આરોપીઓએ તેઓની સામેના ગુનાનો ઇનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા, આરોપીઓ સામેનો કેસ સાબિત કરવા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા રજુ કરવા મુકરર કરવામાં આવેલ. સદર આંક–૧૧ થી ફરમાવેલ તહોમતનામામાં શરતચૂકથી પોકસો એકટની કલમ–૪, ૬ નો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હોઇ, ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૯૩ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૧૬ અન્વયે અરજી આપી, પોકસો એકટની કલમ–૪, ૬ મુજબનું તહોમતનામું ફરમાવવા વિનંતી કરતા, તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજના હુકમથી વિ.એ.પી.પી.શ્રીની આંક–૯૩ ની અરજી મંજુર કરવાનો હુકમ કરેલ. જે હુકમ અન્વયે આરોપીઓ વિરૂધ્ધ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ આંક–૧૧ લગત ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨), ૨૨૮(એ), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૨૩(૨) મુજબના ગુના દર્શાવતુ તહોમતનામું ફરમાવવામાં આવેલુ અને આંક–૧૨ અને આંક–૧૩ લગત આરોપીઓના નિવેદનો લેતા, આરોપીઓએ તેઓની સામેના ગુનાનો ઇન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા, આરોપીઓ સામેના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૫) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરેલા છે.

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | મહાદેવભાઇ દેવાભાઇ ચૌધરી | પ્રાથમિક શાળાના આચાર્ય | ૧૪ |
| ૨. | ભોગ બનનારની માતા | ભોગ બનનારની માતા | ૨૦ |
| ૩. | ભોગ બનનાર | ફરીયાદી/ભોગ બનનાર | ૨૫ |
| ૪. | ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેન | ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેન | ૨૮ |
| ૫. | વિવેકકુમાર ભગવાનભાઇ પારૂપરલા | આરોપી નં.૧ તથા ભોગ બનનારના કપડા કબજે કર્યાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૧ |
| ૬. | ભોગ બનનારની સૌથી મોટી બહેન | ભોગ બનનારની સૌથી મોટી બહેન | ૩૫ |
| ૭. | ડો.તબસુમ મુમતાઝઅલી પઠાણ | ભોગ બનનારની તપાસ કરનાર ધારપુર હોસ્પિટલના મેડીકલ ઓફિસર | ૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૮. | ડો.રિધ્ધી દિનેશચંદ્ર પટેલ | આરોપી નં.૧ ની તપાસ કરનાર ધારપુર હોસ્પિટલના મેડીકલ ઓફિસર | ૪૪ |
| ૯. | કનુભાઇ મગનભાઇ સોલંકી | ડી.વી.ડી. કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૪૮ |
| ૧૦. | મુકેશભાઇ ઇન્દુભાઇ રાવલ | આરોપી નં.૨ નો મોબાઇલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૫૦ |
| ૧૧. | દિલીપસિંહ કાથુજી વાઘેલા | પી.એસ.ઓ. | ૫૨ |
| ૧૨. | ભારતીબેન કુલજીભાઇ ચૌધરી | તપાસ કરનાર અધિકારી | ૫૫ |

(૬) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **અનુક્રમ નંબર** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પ્રાથમિક શાળાના જનરલ રજીસ્ટરના સંબંધિત પાનાની ઝેરોક્ષ ખરી નકલ | ૧૫ |
| ૨. | ભોગ બનનારના પ્રાથમિક શાળામાં પ્રવેશ વખતે ભરેલ ફોર્મની ઝેરોક્ષ ખરી નકલ | ૧૬ |
| ૩. | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની નકલ | ૧૭ |
| ૪. | ભોગ બનનારનું જન્મ તારીખ/જાતિ અંગેનું પ્રાથમિક શાળાનું પ્રમાણપત્ર/બોનાફાઇડ સર્ટીફિકેટ | ૧૮ |
| ૫. | ભોગ બનનારની જન્મ તારીખ અંગે શાળાના લેટર પેડ ઉપર આપવામાં આવેલ પ્રમાણપત્ર | ૧૯ |
| ૬. | ફરીયાદ | ૨૬ |
| ૭. | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૨૭ |
| ૮. | ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેનનું ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૨૯ |
| ૯. | ભોગ બનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું | ૩૨ |
| ૧૦. | આરોપી નં.૧ ના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું | ૩૩ |
| ૧૧. | આરોપી નં.૧ નાએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ તે ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૪ |
| ૧૨. | ભોગ બનનારની સૌથી મોટી બહેનનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૩૬ |
| ૧૩. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ યાદી | ૩૮ |
| ૧૪. | ભોગ બનનારના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો ધારપુર હોસ્પિટલનો ફોરવર્ડીંગ લેટર | ૩૯ |

| | | |
|---|---|---|
| ૧૫. | ભોગ બનનારની ગાયનેક તપાસ અંગેનો ધારપુર હોસ્પિટલનો એકઝામીનેશન રીપોર્ટ | ૪૦ |
| ૧૬. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું ધારપુર હોસ્પિટલનું મેડીકોલીગલ સર્ટીફિકેટ | ૪૧ |
| ૧૭. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ | ૪૨ |
| ૧૮. | આરોપી નં.૧ ની શારીરિક તપાસ અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ યાદી | ૪૫ |
| ૧૯. | આરોપી નં.૧ ના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો ધારપુર હોસ્પિટલનો ફોરવર્ડીંગ લેટર | ૪૬ |
| ૨૦. | આરોપી નં.૧ ની શારીરિક તપાસ અંગેનું ધારપુર હોસ્પિટલનું મેડીકોલીગલ સર્ટીફિકેટ | ૪૭ |
| ૨૧. | ભોગ બનનારે રજુ કરેલ ડી.વી.ડી. કબજે કર્યાનું પંચનામું | ૪૯ |
| ૨૨. | આરોપી નં.૨ નાઓ પાસેથી મોબાઇલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૫૧ |
| ૨૩. | ડેપ્યુટ હુકમ | ૫૩ |
| ૨૪. | ગુનો રજીસ્ટર્ડ કરવા પી.એસ.ઓ.ને કરેલ હુકમ | ૫૬ |
| ૨૫. | ભોગ બનનારની જન્મ તારીખનું પ્રમાણપત્ર આપવા અંગે પ્રાથમિક શાળાને ત.ક.અમલદારે કરેલ યાદી | ૫૭ |
| ૨૬. | ભોગ બનનારની જન્મ તારીખનું પ્રમાણપત્ર આપવા અંગે માધ્યમિક શાળાને ત.ક.અમલદારે કરેલ યાદી | ૫૮ |
| ૨૭. | ડી.એફ.એસ.ગાંધીનગરનો મોબાઇલ ઇન્વેસ્ટીગેશન વાનનો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૫૯ |
| ૨૮. | ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ | ૬૦ |
| ૨૯. | સરકારી પંચો ફાળવવા અંગે પાટણ નગરપાલિકાને ત.ક.અમલદારે કરેલ યાદીઓ | ૬૧, ૬૨ |
| ૩૦. | ભોગ બનનારે રજુ કરેલ ડી.વી.ડી.અંગે આપેલ ભારતીય અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું સર્ટીફિકેટ | ૬૩ |
| ૩૧. | ગુનાવાળી જગ્યાના પંચનામાની ત.ક.અમલદારે તૈયાર કરેલ સી.ડી. | ૬૪ |
| ૩૨. | વિડીઓગ્રાફીની ડી.વી.ડી.એ.એસ.આઇ.ભદ્રેશભાઇને સુપ્રત કર્યાનું અને તેમાં કોઇ છેડછાડ કે ફેરફાર કરવામાં આવેલ ન હોવાનું પ્રમાણપત્ર | ૬૫ |

| | | |
|---|---|---|
| ૩૩. | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કો.કલમ–૧૬૪ નું નિવેદન લેવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૬૬ |
| ૩૪. | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કો.કલમ–૧૬૪ નું નિવેદન નોંધવા સમય ફાળવવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૬૭ |
| ૩૫. | કલમ વધારા અંગે સ્પે.પોકસો કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૬૮ |
| ૩૬. | મુદ્દામાલ રવાનગી પત્રકો | ૬૯, ૭૦ |
| ૩૭. | મુદ્દામાલ મળ્યાની ડી.એફ.એસ.ગાંધીનગરની પહોંચ | ૭૧ |
| ૩૮. | મુદ્દામાલ મળ્યાની એફ.એસ.એલ. અમદાવાદની પહોંચ | ૭૨ |
| ૩૯. | એફ.એસ.એલ.અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર | ૭૩ |
| ૪૦. | એફ.એસ.એલ. અમદાવાદનો બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ | ૭૪ |
| ૪૧. | ડી.એફ.એસ.ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર | ૭૫ |
| ૪૨. | ડી.એફ.એસ.ગાંધીનગરનો એકઝામીનેશન રીપોર્ટ | ૭૬ |
| ૪૩. | ડી.એફ.એસ.ગાંધીનગરનું પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૬૫બી(૪)(સી) મુજબનું સર્ટીફિકેટ | ૭૭ |
| ૪૪. | ડી.એફ.એસ. ગાંધીનગર દ્વારા એકઝામીનેશન કરી મોકલી આપેલ સી.ડી. | ૭૮ |
| ૪૫. | આરોપી નં.ર નાએ વિડીઓ બનાવી વાયરલ કરી ઓળખ છતી કરેલ હોવાની ભોગ બનનારની પોલીસ ઈન્સ્પેકટરશ્રી, પાટણ તાલુકા પો.સ્ટે.ને કરેલ અરજી | ૭૯ |

(૭) ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક–૮૦ થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની પુરસીસ તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ આપેલ છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપી નંબર–૧ નાઓનો વિશેષ ખુલાસો લેવામાં આવેલ. જેમાં આરોપી નંબર–૧ નાઓ સામે જે આક્ષેપો કરવામાં આવેલા, તે તમામ આક્ષેપોનો તેઓએ ઈનકાર કરેલ. પરંતુ, આરોપી નંબર–૧ નાએ પોતાના બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોવાનું જણાવેલ તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવાનો ઈન્કાર કરેલ અને આરોપી નંબર–૧ નાઓએ વિશેષમાં જણાવેલ

કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી અને આ કામના આરોપી નંબર–૨ ગોપાલભાઇ ધનાભાઇ ભરવાડ સાથે તેમની પત્નીને આડા સબંધો હોવાથી અને તે બાબતે તેમણે તેમની પત્ની તથા ગોપાલભાઇ ભરવાડને વારંવાર ઠપકો આપેલ હોઇ અને ગોપાલભાઇ ભરવાડ તેમની પત્નીને પૈસા આપતો હોઇ, તેમને વચમાંથી દુર કરવા માટે તેમની પત્નીએ તેમની દિકરી પાસે હાલની ખોટી ફરીયાદ કરાવેલ છે અને તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. જયારે આ કામના આરોપી નંબર–૨ નાઓનો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ ખુલાસો લેવામાં આવેલ. જેમાં આરોપી નંબર–૨ નાઓએ તેમની સામે જે આક્ષેપો કરવામાં આવેલા, તે તમામ આક્ષેપોનો ઇનકાર કરેલ. આરોપી નંબર–૨ નાઓએ કોઇ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર મૌખિક પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આરોપી નંબર–૨ નાઓએ જણાવેલ કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કોઇપણ રીતે ભોગ બનનાર કે આરોપી નંબર–૧ ના કોઇ વિડીઓ બનાવેલ નથી કે કહેવાતા વિડીઓ વાયરલ કરેલ નથી અને તેઓના વિરૂધ્ધ કાયદાનો દુરૂપયોગ કરી કામગીરી બતાવવા સારૂ ખોટો કેસ કરેલ છે અને તેઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી છે.

(૯) બચાવપક્ષે આરોપી નંબર–૧ નાઓએ તેમના બચાવના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | નંદાબેન વનાજી ઠાકોર | આરોપી નં.૧ ના બહેન | ૮૮ |

(૧૦) ત્યારબાદ બન્ને પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની લંબાણ પૂર્વકની દલીલો સાંભળવામાં આવી. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ દલીલ કરતા મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામના ભોગ બનનાર સગીર વયના હોવાનું આરોપી નંબર–૧ નાઓ જાણતા હોવા છતા તેમજ ભોગ બનનાર આરોપી નંબર–૧ ની સગી દિકરી હોવા છતા, આરોપી નંબર–૧ નાએ સને–૨૦૧૭ થી ગુનો દાખલ થયેલ ત્યાર સુધીના સમયગાળા દરમ્યાન પોતાની સગી દિકરી સાથે અવાર નવાર શારીરિક

અડપલા કરી તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરેલ તેમજ ભોગ બનનાર ઈન્કાર કરે તો તેણીની સાથે અવાર નવાર મારઝુડ કરેલ અને તેણીની માતા અને ભાઈને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ તેમજ આરોપી નંબર–૨ નાએ ભોગ બનનાર સાથે બનેલ બનાવ બાબતે ભોગ બનનારની ઓળખ છતી થાય તે રીતે પોતાના મોબાઈલમાં વિડીઓ બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરી ગુનો કરેલ હોવા બાબતની પોલીસ ફરીયાદ આધારે પોલીસે તપાસ કર્યા બાદ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા સાહેદોએ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું જણાવેલ છે તથા શાળાના આચાર્યએ રજુ કરેલ પુરાવા આધારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું પુરવાર થાય છે તેમજ આ કામે ભોગ બનનારની જુબાની તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું ધ્યાને લેતા, ભોગ બનનારની મરજી વિરૂધ્ધ આરોપી નંબર–૧ નાએ તેણી સાથે બળાત્કાર કરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે તેમજ તપાસેલ સાહેદો પૈકી ભોગ બનનારની બે બહેનોને તપાસેલ છે. જેમાં બંને બહેનોએ આ કામના આરોપી નંબર–૧ નાએ તેઓની સાથે પણ તેઓ જયારે અપરણિત હતી અને પિયરમાં રહેતી હતી તે સમયે અવાર નવાર બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધેલ હોવાનું જણાવી ભોગ બનનારની હકીકતને સમર્થન આપેલ છે તેમજ મેડીકલ ઓફિસરશ્રીઓની જુબાની તથા તપાસ કરનાર અધિકારીની જુબાનીથી પણ ભોગ બનનારની હકીકતને સ્પષ્ટપણે સમર્થન મળે છે. વધુમાં, ભોગ બનનાર આરોપી નંબર–૧ ની પુત્રી છે અને કોઈપણ દિકરી પોતાના પિતા વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરી ખોટી ફરીયાદ દાખલ કરવાની શકયતા નહીંવત છે. તે ઉપરાંત, અન્ય દિકરીઓએ પણ ભોગ બનનારની જેમ તેઓ સાથે પણ શારીરિક સંબંધ આરોપી નંબર–૧ નાએ બાંધેલ હોવાનું જણાવેલ છે. તે જોતા, આરોપી નંબર–૧ દયાને પાત્ર નથી અને તેને ભોગ બનનાર તથા અન્ય બહેનોના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનો જોતા, તેમાં પણ આ કામના આરોપી નંબર–૧ નાએ તેઓ સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે તેમજ મેડીકલ ઓફિસર સમક્ષની હિસ્ટ્રીમાં પણ ભોગ બનનારે બનાવની હકીકતને સમર્થન આપેલ છે અને તે રીતે આ કામના આરોપી નંબર–૧ સામેનો કેસ

નિ:શંકપણે પુરવાર થાય છે. વધુમાં, આ કામે આરોપી નંબર–૧ નાએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ તે બાબતની જાણ આરોપી નંબર–૨ નાઓને થતા, આરોપી નંબર–૨ નાએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા, પોતાના મોબાઇલમાં વિડીઓ બનાવી સોશીયલ મીડીયા ઉપર વાયરલ કરી ભોગ બનનારની ઓળખ છતી કરી ગુનો કરેલ હોવાનું પણ વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ હોઇ, જેથી બંને આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદામાં મુકરર કરેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

**(૧૧)** જયારે બચાવપક્ષ તરફે આરોપી નં.૧ નાઓ તરફે ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી.વિ.વકીલશ્રી એસ.ડી.સિયોલાની મુખ્યત્વે એવી રજુઆત છે કે, ફરીયાદ પક્ષે ભોગ બનનારની ઉંમર બાબતે જે પુરાવો રજુ કરેલ છે તે જોવામાં આવે તો, શાળાના આચાર્યની જુબાનીમાં ભોગ બનનારને શાળામાં દાખલ કરી ત્યારે જન્મનો કોઇ પુરાવો રજુ કરેલ નથી અને પ્રવેશ ફોર્મના આધારે જ ભોગ બનનારની જન્મ તારીખ લખવામાં આવેલ છે તેવુ રેકર્ડ ઉપર આવેલ છે. તે સંજોગોમાં બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. વધુમાં, ભોગ બનનાર તથા તેણીના માતા અને બહેનોની જુબાની જોતા, તેઓની જુબાની વિરોધાભાસી છે. વધુમાં, ભોગ બનનાર તથા સાહેદોની જુબાની જોતા, તેઓના ઘરની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે. ઓસરીનો ભાગ ખુલ્લો છે અને તેઓ જે મકાનમાં રહે છે તે એક ઓસરી અને એક રૂમનું મકાન છે અને બધા સંયુકત કુટુંબમાં રહેતા હોઇ, જેથી ભોગ બનનાર સાથે આરોપી નંબર–૧ કોઇ ખરાબ કૃત્ય કરતા હોવાની વાત માની શકાય તેમ નથી. વધુમાં, ભોગ બનનારની અન્ય બે બહેનોએ પોતાની જુબાનીમાં આરોપી નંબર–૧ નાઓ સામે જે આક્ષેપ કરેલ છે તે અગાઉ કયારેય તેઓએ આડોશી પાડોશી કે સગા વહાલાઓ સમક્ષ જણાવેલ નથી. પરંતુ, પાછળથી આરોપી નંબર–૧ વિરૂધ્ધ ખોટા આક્ષેપો ઉભા કરેલ છે. ખરી હકીકત, ભોગ બનનારને કોઇ છોકરા સાથે પ્રેમ સંબંધ હોઇ અને મોબાઇલ ઉપર વાત કરતી હોઇ, જેથી પિતા તરીકે આરોપી નંબર–૧ નાએ તેણીને ટોકેલ હતી અને

ઠપકો આપેલો. વધુમાં, ભોગ બનનારની માતા એટલે કે, આરોપી નંબર–૧ ના પત્નીને આ કામના આરોપી નંબર–ર સાથે આડા સબંધો હોવાથી, આરોપી નંબર–૧ ભોગ બનનારની માતાને અવાર નવાર ઠપકો આપતા હોઇ, તેથી આરોપી નંબર–૧ ને વચ્ચેથી હટાવવા માટે થઇ આરોપી નંબર–ર અને ભોગ બનનારના માતા એટલે કે, આરોપી નંબર–૧ ના પત્ની મારફતે ભોગ બનનારને તથા અન્ય દિકરીઓને હાથો બનાવી ભોગ બનનાર મારફતે ફરીયાદ અપાવી આરોપી નંબર–૧ ને ખોટી રીતે ફસાવી અને ખોટો ગુનો દાખલ કરેલ છે અને આ હકીકત બચાવપક્ષે આરોપી નંબર–૧ ના બહેન અને ભોગ બનનારના ફોઇની આંક–૮૮ ની જુબાનીથી સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે અને બચાવપક્ષ પોતાનો બચાવ પુરવાર કરવામાં સફળ રહેલ છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી નંબર–૧ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, આરોપી નંબર–૧ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૧૧/૧)** જયારે આરોપી નં.ર નાઓ તરફે વિ.વકીલશ્રી આર.બી. જોષીની મુખ્યત્વે એવી રજુઆત છે કે, આરોપી નંબર–ર વિરૂધ્ધ ફરીયાદ પક્ષે જે આક્ષેપ કરેલ છે તે બાબતે ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ભોગ બનનારે પોતાની જુબાનીમાં વિડીઓ વાયરલ થયેલ હોવાના કારણે તેણીને અને માતાને ગામના લોકો મેણા ટોણા મારતા હતા તેમ જણાવેલ છે. પરંતુ, આવી કોઇ હકીકત ભોગ બનનારે પોતાની ફરીયાદમાં લખાવેલ નથી તેમજ વિરોધાભાસી હકીકત તેણીએ જણાવેલ છે. વધુમાં, તેણીએ સોશીયલ મીડીયા ઉપર કહેવાતો કોઇ વિડીઓ જોયેલ નથી તેવુ તેની જુબાનીમાંથી સ્પષ્ટપણે જણાય છે તેમજ ભોગ બનનાર સિવાય અન્ય કોઇ સાહેદે આરોપી નંબર–ર વિરૂધ્ધ કોઇ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે જે પંચોની હાજરીમાં વિડીઓ સીડી કબજે કરેલાનું જણાવેલ છે તે પંચોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી કે તે પંચો રૂબરૂ આવી વિડીઓ કેસેટ ચલાવી બતાવવામાં આવેલ નથી તેમજ પંચોએ તેમની જુબાનીમાં વિડીઓમાં આરોપી નંબર–ર શું કહી રહયા હતા તે બાબતે કોઇ જ હકીકત જણાવેલ નથી તેમજ એફ.એસ.એલ. રીપોર્ટથી પણ

આરોપી નંબર–૨ વિરૂધ્ધ કોઇ હકીકત પુરવાર થતી નથી. વધુમાં, તપાસ કરનાર અધિકારીની જુબાની જોતા, આંક–૭૯ ની અરજી આધારે આરોપી નંબર–૨ નું નામ આપવામાં આવેલુ હતુ. આ અરજીમાં ભોગ બનનારે સોશીયલ મીડીયામાં કઇ એપ્લીકેશન ઉપર વિડીઓ જોયેલ તે જણાવેલ નથી તેમજ કહેવાતો વિડીઓ જોયેલ હોય તેવા કોઇ સાહેદોના નિવેદન લીધેલ નથી કે ફરીયાદ પક્ષે તેવા કોઇ સાહેદને તપાસેલ નથી. વધુમાં, ડી.વી.ડી. ભોગ બનનારે રજુ કરેલી અને પોલીસે જે ડી.વી.ડી. કબજે કરેલી અને તેમાં જે વિડીઓ ફાઇલનું નામ જણાવેલુ તેમાં અને ગાંધીનગર એફ.એસ.એલ.માં જે વિડીઓ ફાઇલનું નામ લખેલ છે તે બંનેમાં તફાવત છે. તે સંજોગોમાં આરોપી નંબર–૨ નાઓ સામેનો કેસ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોઇ, જેથી આરોપી નંબર–૨ નાઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૨) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર સાથે બનેલ બનાવના અરસામાં ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી આયુની એટલે કે, સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૧ નાએ ૧૬ વર્ષથી નાની સગીર વયની પોતાની જ ભોગ બનનાર દિકરી/ ફરીયાદી સાથે અવાર નવાર બળાત્કાર કરી, તેણીનું જાતીય શોષણ કરી, જાતીય ગુનો આચરી, આરોપી નંબર–૧ નાએ ઇ.પી.કોડની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે ?

(૩) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૧ નાએ સગીર વયની પોતાની જ ભોગ બનનાર દિકરી/ફરીયાદીને અવાર નવાર મારઝુડ કરી સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી તથા તેણીની માતા અને ભાઇને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, આરોપી નંબર–૧ નાએ ઇ.પી. કોડની કલમ–૩૨૩, ૫૦૬(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે ?

(૪) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૨ નાએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા, ભોગ બનનાર સાથે બનેલ બનાવ બાબતે તેણીની ઓળખ છતી થાય તે રીતેનો પોતાના મોબાઇલમાં વિડીઓ બનાવી અને તે વિડીઓ સોશીયલ મીડીયામાં વાયરલ કરી આરોપી નંબર–૨ નાએ ઇ.પી.કોડની કલમ–૨૨૮(એ) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા પોકસો એકટની કલમ–૨૩(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે ?

(૫) શું હુકમ ?

(૧૩) આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોનું કાળજીપૂર્વકનું મુલ્યાંકન કરતા, ઉપરોક્ત મુદ્દાઓના **નિર્ણય** નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૧) હકારમાં.**
**(૨) હકારમાં.**
**(૩) નકારમાં.**
**(૪) નકારમાં.**
**(૫) અંતિમ હુકમ મુજબ.**

## –::: કા ર ણો :::–

**મુદ્દા નંબર – ૧ ::–**

**(૧૪)** આ કામે પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષ તરફે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું પુરવાર કરવા માટે સાહેદ નંબર–૧ ભોગ બનનારની પ્રાથમિક શાળાના આચાર્ય મહાદેવભાઇ દેવાભાઇ ચૌધરીની આંક–૧૪ ની જુબાની ધ્યાને લેતા, તેઓની શાળાના જનરલ રજીસ્ટર નંબર–ર ના પાના નંબર–૫૧ ઉપર અનુક્રમ નંબર–૬૯૩ ઉપર ભોગ બનનારની નોંધ હોવાનું તેમજ જન્મ સ્થળ મુળ વતન અને ભોગ બનનારની જન્મ તા.૩૦/૧૦/૨૦૦૪ ની લખાવેલ હોવાનું તથા ધોરણ–૧ માં તા.૧૮/૦૬/૨૦૧૦ ના રોજ શાળામાં નવીન દાખલ કરેલ હોવાનું અને તા.૧૪/૦૬/૨૦૧૧ ના રોજ ધોરણ–ર માં વાલી સાથે બહારગામ જવાથી શાળા છોડેલ હોવાનું જણાવી, આંક–૧૪ થી આંક–૧૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવપક્ષની ઉલટતપાસ જોતા, તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૫ ની કોલમ નં.ર માં ચેકચાક છે. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ચેકચાક બદલ જે તે વખતના આચાર્યની ટુંકી સહી છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ માં કોલમ નં.૯ ખાલી છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૮ અને ૧૯ ના પ્રમાણપત્રો પોલીસને તેમણે આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ તેઓની શાળાના રેકર્ડ પરથી જુબાની આપે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને તેઓની શાળામાં દાખલ કરી ત્યારે તેઓ આચાર્ય તરીકે ફરજ પર ન હતા. વધુમાં, આરોપી નંબર–ર તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ માં બાળકના નામમાં બેબી લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ ના કોલમ નં.૧ માં ભોગ બનનારનુ નામ પાછળથી લખેલ હોવાનુ જણાઇ આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ ની કોલમ નં.૩ માં ભોગ બનનારની જન્મ તા.૩૦/૧૦/૦૪ લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ૨૦૦૪ લખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ માં પ્રમાણપત્ર કાઢી આપવાની તારીખમાં ચેકચાક જણાઇ આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને શાળામાં પ્રવેશ આપતી વખતે આંક–૧૬ નુ ફોર્મ ભરેલ અને

આંક-૧૬ માં સ્થળ અને તારીખ લખેલ નથી. વધુમાં, સાહેદ નંબર-૨ ભોગ બનનારના માતાની આંક-૨૦ ની જુબાની ધ્યાને લેતા, તેઓને ભોગ બનનારની જન્મ તારીખ યાદ નથી. ભોગ બનનાર દિકરીનો આંક-૧૭ થી જે દાખલો રજુ કરેલ છે તે જ છે. ભોગ બનનાર દિકરી ધોરણ-૧૦ સુધી ભણેલ છે. બનાવ સમયે ભોગ બનનાર દિકરી ૧૮-૧૯ વર્ષની હશે તેવુ જણાવેલ છે. વધુમાં, ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓના લગ્નને ત્રીસેક વર્ષ થયા હશે તેવુ જણાવેલ છે. લગ્નના એકાદ વર્ષ બાદ મોટી દિકરીનો જન્મ થયેલો. તેઓએ સ્વીકારેલ છે કે, તેમના તમામ સંતાનો વચ્ચે દોઢથી બે વર્ષનું અંતર છે. તેમના સમાજમાં ૧૮-૧૯ વર્ષની દિકરી થાય ત્યારે તેમનું લગ્ન કરવામાં આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ વખતે તેમની ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૮ વર્ષ કરતા વધુ હતી. વધુમાં, સાહેદ નંબર-૩ ભોગ બનનારની આંક-૨૫ ની જુબાની ધ્યાને લેતા, તેઓ કુલ-૪ ભાઇ બહેન છે. જેમાં ત્રણ બહેનો અને એક ભાઇ છે. જેમાં સૌથી મોટી બહેન અને તે પછી ભાઇ અને તે પછી એક બહેન અને સૌથી નાની ભોગ બનનાર છે. તેણી ધોરણ-૯ સુધી ભણેલ છે. તેણીની જન્મ તા.૩૦/૧૦/૨૦૦૪ ની હોવાનું જણાવેલ છે. વધુમાં, સાહેદ નંબર-૧૨ પી.આઇ. ભારતીબેન કુલજીભાઇ ચૌધરીની આંક-૫૫ ની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, આંક-૧૭ વાળા જન્મના પ્રમાણપત્ર કાઢયા તારીખમાં ચેકચાક થયેલ છે. તેઓએ જણાવેલ છે કે, આ પ્રમાણપત્ર ભોગ બનનારનું જ હોવાની તેણીએ ખરાઇ કરેલી. જન્મના પ્રમાણપત્ર ઉપરાંત આચાર્યના પ્રમાણપત્ર અને બોનાફાઇડ સર્ટીફિકેટ તપાસના કામે મેળવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, આરોપી નંબર-૨ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ આપી ત્યારે ભોગ બનનાર પુખ્ત વયની હતી.

**(૧૫)** આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતા, આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, સાહેદ નંબર-૧ મહાદેવભાઇ ચૌધરીની જુબાની મુજબ, ભોગ બનનારની જન્મ તા.૩૦/૧૦/૨૦૦૪ હોવાનું અને તા.૧૮/૦૬/૨૦૧૦ ના રોજ ધોરણ-૧ માં તેમની શાળામાં પ્રવેશ મેળવેલ હોવાનું અને તા.૧૪/૦૬/૨૦૧૧ ના રોજ ભોગ બનનારે વાલી સાથે બહાર ગામ જવાથી

ધોરણ–૨ માં હતા ત્યારે શાળા છોડેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આંક–૧૫ ના શાળાના રજીસ્ટરમાં ભોગ બનનારની નોંધમાં ચેકચાક હોવાનું જણાય છે. પરંતુ, તે ચેકચાક બદલ આચાર્યની ટુંકી સહી હોવાનું પણ જણાઇ આવે છે અને સાહેદે પણ પોતાની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં, સદર સાહેદની ઉલટતપાસ જોતા, ભોગ બનનારની જન્મ તારીખ તેઓએ પ્રવેશ ફોર્મના આધારે લખેલ હોવાનું જણાય છે. જો કે, સદર પ્રવેશ ફોર્મની સાથે આંક–૧૭ થી જન્મનું પ્રમાણપત્ર પણ રજુ થયેલ છે. બચાવપક્ષ તરફે થયેલ ઉલટતપાસ જોતા, આંક–૧૭ ના ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રમાં પ્રમાણપત્ર કાઢી આપ્યા તારીખમાં ચેકચાક હોવાનું સ્વીકારેલ છે. પરંતુ, સદર પ્રમાણપત્રના આધારે ભોગ બનનારની જન્મ તારીખ સ્કુલ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ છે. વધુમાં, આંક–૧૭ ના પ્રમાણપત્રમાં કોલમ નંબર–૧ માં ભોગ બનનારનું નામ પાછળથી લખવામાં આવેલ હોવાની બચાવપક્ષે તકરાર લીધેલ છે. પરંતુ, શાળાના આચાર્યએ રજુ કરેલ પુરાવો જોતા, આંક–૧૫ ના રજીસ્ટરમાં જણાવેલ જન્મ તારીખ તથા આંક–૧૬ ના પ્રવેશ ફોર્મમાંમ જણાવેલ જન્મ તારીખ તથા આંક–૧૭ ના જન્મના પ્રમાણપત્રમાં જણાવેલ જન્મ તારીખ તથા આંક–૧૯ થી સ્કુલ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રમાં જણાવેલ જન્મ તારીખમાં કોઇ જ તફાવત હોવાનું જણાઇ આવતુ નથી. વધુમાં, આ કામે તપાસ કરનાર અધિકારી સાહેદ નંબર–૧૨ પી.આઇ.ભારતીબેન ચૌધરીની આંક–૫૫ ની ઉલટતપાસ જોતા, તેઓએ આંક–૧૭ વાળુ પ્રમાણપત્ર ભોગ બનનારનું જ હોવાની ખરાઇ કરેલ હોવાનું તેમજ જન્મના પ્રમાણપત્ર ઉપરાંત આચાર્યશ્રીના પ્રમાણપત્ર અને બોનાફાઇડ સર્ટીફિકેટ તપાસના કામે મેળવેલ હોવાનું જણાવી, ભોગ બનનારની જન્મ તારીખ બાબતે ખરાઇ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે. તે સંજોગોમાં ભોગ બનનારની જન્મ તારીખ બાબતે કોઇ શંકા જણાઇ આવતી ન હોઇ, ભોગ બનનારની જન્મ તા.૩૦/૧૦/૨૦૦૪ ની હોવાનું ન માનવાને કોઇ કારણ જણાતુ નથી. તે સંજોગોમાં ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ, સને–૨૦૧૭ થી સને–૨૦૨૪ દરમ્યાન આ કામના આરોપી નંબર–૧ નાએ ભોગ બનનાર સાથે શારીરિક અડપલા કરી અવાર નવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરેલ

હોવાની ફરીયાદમાં જણાવેલ આક્ષેપ ધ્યાને લેતા, આ સમયગાળા દરમ્યાન ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. જેથી **મુદ્દા નંબર–૧** નો ઉત્તર **હકાર**માં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ ::–**

**(૧૬)** ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ નંબર–૩ ભોગ બનનારની આંક–૨૫ ની જુબાની ધ્યાને લેતા, તેણીએ જે ફરિયાદ આપી છે તે બનાવ બનવાનુ સને ૨૦૧૭ થી ચાલુ થયેલુ. બનાવના અરસામાં એક દિવસ આશરે બપોરના બે વાગે તેણીના પિતા ઘરમાં સુતેલ હતા અને તેણી ઘરમાં કામ કરતી હતી અને તેણીની માતા તથા બીજા ભાઈ બહેનો ઘરે હાજર ન હતા. તે વખતે તેણીના પિતાએ તેણીને બોલાવેલ અને તેઓએ જબરજસ્તીથી તેણીની મરજી વિરુદ્ધ તેણીની લેંધી કાઢી નાખેલી અને તેણીના પિતા તેણીને શારીરિક અડપલા કરવા લાગેલા અને નીચેના ગુપ્તભાગે અડપલા કરેલ તથા બટકા ભરેલા. ત્યારબાદ તે જ દિવસે રાત્રે તેણીના પિતાએ તેણીની સાથે બળજબરીથી બળાત્કાર કરેલ. ત્યારબાદ તે રીતે વારંવાર તેણીની સાથે તેણીની મરજી વિરુદ્ધ બળાત્કાર કરતા હતા. તેણીના પિતા દિવસે અડપલા કરતા અને રાત્રે બળાત્કાર કરતા હતા. તેણી બુમો પાડતી ત્યારે તે તેણીનું મોઢુ દબાવી દેતા અને તેણીનો હાથ દબાવી દેતા હતા. તેણીના પિતા તેણીને એવી ધમકી આપતા હતા કે, તેણી આ વાત કોઈને કહેશે તો તેઓ તેણીની માતા અને તેણીના ભાઈને મારી નાખશે. ફરિયાદ આપી તેના ચારેક મહિના અગાઉ રાતના દસેક વાગે તેણીના પિતા તેણીની પાસે આવેલ અને તેણી ના પાડતી છતા તેમણે તેણીની સાથે જબરજસ્તીથી બળાત્કાર કરેલ. તેણીના પિતા તેણીને ખાવા માટે આપતા ન હતા. તેણીએ તા.૧૬/૦૪/૨૦૨૪ ના રોજ આ બધી વાત તેણીની માતાને કરેલી. તેણીએ તેણીની માતાને જણાવેલ કે, તેણીને માસિક ધર્મ આવેલ નથી. આ વાત તેણીએ તેણીની માતા, તેણીની ફોઈ અને તેણીના ભાઈ બધાને આ વાત કરેલી. જેથી બધાએ કહેતા તેણીએ આરોપી વિરુધ્ધ પો.સ્ટે.માં ફરિયાદ આપેલી હોવાનું જણાવી

આંક–૨૬ થી ફરિયાદ રજુ કરેલ છે. ફરિયાદ આપ્યા પહેલા તેણીએ તેણીના મોટા પિતા ભેમાજી વિહાજીને વાત કરેલી, પરંતુ તેઓ બે ત્રણ દિવસ બાદ મૈયત થયેલ. જેથી આ ફરિયાદ થોડા સમય બાદ આપેલી. ફરિયાદ આપ્યા બાદ તેઓના ગામના ગોપાલ ભરવાડે તેણીની સાથે થયેલ બનાવ અંગેનો વિડીયો બનાવ્યો અને તે વિડીયો વાયરલ કરેલ. જે બાબતની પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલુ. તેણીનો વિડીયો વાયરલ થયા બાદ ગામના લોકો તેણીને તથા તેણીની માતાને મહેણા ટોણા મારવા લાગેલા. જેમાં તેણીની વિશે એવુ કહેવા લાગેલા કે, તેણી તેણીના બાપાની સાથે ઉંઘેલ છે. જેથી તેણી અને તેણીની માતા તેઓનું અનાવાડા ગામ છોડીને તેણીના મામાના ગામ હારીજ મુકામે રહેવા જતા રહેલા. તેણીએ બનાવ સમયે જે કપડા પહેર્યા હતા તે પોલીસ સમક્ષ રજુ કરેલા હોવાનું જણાવી તેણીના કપડા તેણીને બતાવતા, ઓળખી બતાવેલ છે. પોલીસ તેણીને શારિરિક તપાસ માટે દવાખાને લઈ ગયેલ. દવાખાનામાં ડોકટર સાહેબે તેણીની બનાવ સંબંધે પુછપરછ કરેલી અને તેણીએ બનાવ વિશે ડોકટર સાહેબને લખાવેલી. દવાખાને તેણીની શારિરિક તપાસ ડોકટર સાહેબે કરેલી. તેણીએ તેણીનું માસિક ધર્મ બંધ થઈ ગયેલ છે તેવી વાત ડોકટર સાહેબને કરેલી અને ડોકટર સાહેબે તપાસ કરી તેણીને દવા આપેલી. પોલીસ તેણીને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે કોર્ટમાં લઈ ગયેલી. ત્યાં તેણીએ જજ સાહેબને તેણીએ તેણીનું નિવેદન લખાવેલુ હોવાનું જણાવી આંક–૨૭ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન રજુ કરેલ છે તેમજ આરોપીઓને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, તેણી જે મકાનમાં રહેતી હતી તે એક રુમ અને એક ઓસરી વાળુ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, આ મકાનમાં તેણી, તેણીના માતા–પિતા તથા ભાઈ–બહેનો સાથે રહેતા હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી, તેણીની માતા અને તેણીના પિતા રહેતા હતા અને તેણીનો ભાઈ કોઈક દિવસ આવતો હતો. તેણીની ત્રીજા નંબરની બહેનના લગ્ન એક વર્ષ પહેલા કરેલા. તેણીની ત્રીજા નંબરની બેનના લગ્ન કર્યા તે પહેલા તે તેઓની સાથે રહેતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેઓ જે મકાનમાં રહેતા હતા, તેની ઓસરીનો ભાગ ખુલ્લો હતો. તેણીએ ઈન્કાર કરેલ

છે કે, દરવાજો ન હતો. તેણીએ સ્વીકારેલ છે કે, રાત્રીના ભાગે તેણી, તેણીની ત્રીજા નંબરની બહેન, તેણીના માતા–પિતા ઓસરીના ભાગે સુતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, તેઓના મકાનની આજુબાજુ બીજા ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે. તેણી મોબાઇલ ફોન વાપરે છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી ઘરમાં સૌથી નાની હોઇ બહારગામ જવાનુ થાય તો તેણી તેણીની માતા સાથે જતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવની વાત જે તે સમયે તેણીએ તેણીના ઘરના સભ્યોને કરેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ તેણીની ફરિયાદમાં તેણી માસિક ધર્મમાં થયેલ ન હતી તેવી હકીકત જણાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, ફરિયાદ આપવા તેણી ગઇ ત્યારે તેણીની સાથે તેણીની માતા, ફોઇ તથા ભાઇ આવેલા. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવ બન્યા બાદ તેણી રોજ ન્હાતી ધોતી હતી અને કપડા પણ બદલતી હતી. વધુમાં, આરોપી નંબર–૨ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, તેણીની પાસે મોબાઇલ છે જ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના પિતાશ્રી જેલમાં જતા તેઓનો મોબાઇલ તેણીની પાસે આવેલો. જે મોબાઇલ ટચ સ્ક્રિનવાળો હતો. તેણીએ સ્વીકારેલ છે કે, ફરિયાદ આપી તે પહેલા તેણી આરોપી નંબર–૨ ગોપાલભાઇ ભરવાાડને ઓળખતી ન હતી. એ વાતની તેણીને ખબર નથી કે, આરોપી નંબર–૨ તેણીના ભાઇ પાસે રૂા.૨૦,૦૦૦/– માંગતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, ફરિયાદના અરસામાં તેણીને મોબાઇલમાં સોશીયલ મિડીયા વાપરતા આવડતુ ન હતુ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ તેણીની સરતપાસમાં જણાવેલ હકીકત કે,"..........મારો વિડીયો વાયરલ થયા બાદ ગામના લોકો મને તથા મારી માતાને મહેણા ટોણા મારવા લાગેલા જેમાં મારી વિશે એવુ કહેવા લાગેલા કે હુ મારા બાપાની સાથે ઉંઘેલ છુ. જેથી હુ અને મારી માતા અમારુ અનાવાડા ગામ છોડીને મારા મામાના ગામ હારીજ મુકામે રહેવા જતા રહેલા. .........." તેણીના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, વાયરલ થયેલ કહેવાતા વિડીયોમાં તેણી તથા તેણીના પિતા સાથે હાજર હોય તેવો ફોટો તેણીએ જોયેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, હાલના સમયમાં કોઇ પણ સમાચાર મોબાઇલમાં સરળતાથી જોઇ શકાય છે. તેણીએ સ્વીકારેલ છે કે, કહેવાતો વિડીયો કોણે કોણે

સોશીયલ મિડીયમાં મુક્યો હશે અને કોણે કોણે જોયે હશે તે તેણીને ખબર નથી. તેણીએ સ્વીકારેલ છે કે, આ વાયરલ વિડીયો માટે તેણીના કુટુબના કોઈ સભ્યોએ સંમતિ આપેલ હોય તો તે તેણીને ખબર નથી. તેણીએ સ્વીકારેલ છે કે, કહેવાતો વીડીયો કેટલી મિનિટનો હતો તે તેણીને ખબર નથી.

(૧૭) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૨ ભોગ બનનારની માતાની આંક-૨૦ ની જુબાની ધ્યાને લેતા, બનાવની જાણ તેણીને તેણીની ભોગ બનનાર દિકરીએ કરતા તેણીને થયેલી. બનાવની જાણ તેણીની ભોગ બનનાર દિકરીએ તેણીના દિકરાને કરેલ અને તેણીના દિકરાએ તેણીને કરેલ તેથી તેણીને જાણ થયેલી. ત્યારબાદ તેણીએ તેણીની ભોગ બનનાર દિકરીને બનાવ વિશે પુછેલ અને તેણે તેણીને બનાવની વાત કરેલી. આ બનાવની ફરિયાદ આજથી છ એક મહિના પહેલા આપેલી. તેણીની ભોગ બનનાર દિકરીને બનાવ વિશે તેણીએ પુછેલ ત્યારે તેણીની ભોગ બનનાર દિકરીએ તેણીને એવુ જણાવેલ કે," આરોપી નં.૧ આજથી સાતેક વર્ષથી મારી સાથે અડપલા કરતો અને મને વખો પાડતો અને મારી સાથે ખરાબકામ પણ કરતો.". આ બાબતે તેણીએ તેણીના પતિને વાત કરતા તેણીના પતિએ તેણીને મારેલ અને તેણીને મારી નાંખવાની ધમકી આપેલ. તેણીએ તેણીની બીજી બે દિકરીઓને બનાવ વિશે વાત કરેલી અને તેઓએ તેણીને ફરિયાદ કરવા જણાવેલુ. બનાવની ફરિયાદ તેણીની ભોગ બનનાર દિકરીએ આપેલી અને પોલીસ આવેલી. પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલુ. આ કામના આરોપી નંબર-૧ તેણીના પતિ થાય છે તેવુ જણાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, ફરિયાદ કરી ત્યારે તેઓ ભાડાના મકાનમાં રહેતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, આ મકાન એક રુમ અને એક ઓસરી વાળુ હતુ અને ઓસરીના ભાગે દરવાજો નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી, તેણીના પતિ અને તેણીની દિકરીઓ એક જ મકાનમાં રહેતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી આરોપી નંબર-૨ ને ઓળખે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, આરોપી નંબર-૨ તેણીના ઘરે આવતા જતા રહેતા હતા. એ વાતની તેણીને ખબર નથી કે,

તેણીની ભોગ બનનાર દિકરીને આરોપી નંબર–૨ સાથે પ્રેમ સંબંધ હતો. તેણીએ ઇન્કાર કરેલ છે કે, તેણીની ભોગ બનનાર દિકરીને આરોપી નંબર–૨ સાથે પ્રેમસંબંધ હતો અને તેની વાત તેણીના પતિ આરોપી નંબર–૧ ને થતા તેઓએ તેણીને અને તેણીની ભોગ બનનાર દિકરીને ઠપકો આપેલો. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવની પ્રથમ જાણ તેણીના દિકરાએ તેણીને કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી, તેણીની નણંદ તથા તેણીના ઘરના સભ્યો ભેગા મળી આરોપી નંબર–૧ વિરુદ્ધ ફરિયાદ આપવા પો.સ્ટે. ગયેલા. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવ સબબ તેણીને કોઇ અંગત જાત માહીતી નથી. સદર સાહેદની આરોપી નંબર–૨ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૪ ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેનની આંક–૨૮ ની જુબાની ધ્યાને લેતા, ફરિયાદ કરી તેની રાત્રીએ તેણીની ભોગ બનનાર બહેનનો તેણી ઉપર ફોન આવેલો અને તેણીને બનાવની વાત કરેલી. તેણીની ભોગ બનનાર બહેને તેણીને જણાવેલ કે, તેણીના પિતા તેની સાથે ગંદુ કામ કરતા હતા, તેથી તેણે ફરિયાદ કરેલી. પછી બીજા દિવસે તેણી તેણીની ભોગ બનનાર બહેનના ઘરે અનાવાડા મુકામે આવેલી અને ત્યારબાદ તેઓ પો.સ્ટે. ગયેલા. ફરિયાદ આપી તેના પહેલા તેણી કુંવારી હતી અને તેણી તેણીના પિતાના ઘરે રહેતી હતી, ત્યારે તેણીના પિતાજી તેણીની સાથે પણ ખરાબ કામ કરતા હતા. તેણીના પિતાજી ઘરમાં ધોકા, ધારીયા રાખતા અને બહાર જાય તો ઘરમાં તાળુ મારીને જતા હતા. તેણીના લગ્ન થઇ જવાથી તેણીનો ઘર સંસાર બગડે નહી તે કારણસર તેણીએ તેણીની સાથે થયેલા બનાવની વાત કોઇને કહેલ નહી. તેણીના પિતાજી તેણીની સાથે ખરાબકામ કરતા હતા ત્યારે તેણીની ઉંમર આશરે ૧૫ થી ૧૬ વર્ષની હશે. તેણી ધો.૧૦ સુધી ભણેલ છે. બનાવની ફરિયાદ થતા પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલુ. પોલીસ તેણીને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે કોર્ટમાં લઇ ગયેલી. ત્યાં તેણીએ જજ સાહેબને તેણીનું નિવેદન લખાવેલુ હોવાનું જણાવી આંક–૨૯ થી ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની

ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, તેણી અનાવાડા મુકામે રહેતી હતી ત્યારે તેઓ બે બહેનો તથા તેણીના માતા–પિતા સાથે રહેતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, તે મકાન એક જ રૂમનુ હતુ. આ સિવાયની ઉલટતપાસ ધ્યાને લેતા, બચાવપક્ષ દ્વારા બનાવ સબંધે પુછવામાં આવેલ સૂચક સવાલોનો ઈન્કાર કરેલ છે. સદર સાહેદની આરોપી નંબર–૨ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૯) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૬ ભોગ બનનારની સૌથી મોટી બહેનની આંક–૩૫ ની જુબાની ધ્યાને લેતા, આ કામની ભોગ બનનાર તેણીની નાની બહેને જે ફરિયાદ આપી તેને છ થી સાત મહિના જેટલો સમય થયેલ છે. તેણીની ભોગ બનનાર બહેને તેણીને જણાવેલ કે, તેણીની સાથે તેણીના પિતાજી બળાત્કાર કરે છે. તેણીના પિતાજીએ પહેલા તેણીની સાથે પણ બળાત્કાર કરેલા હતા અને તેણીના લગ્ન થઇ ગયેલા, તેથી તેણીએ એવુ વિચાર્યુ કે, તેણીની બહેનો સાથે તેણીના પિતાજી આવુ નહીં કરે. પરંતુ, તેણીની ભોગ બનનાર બહેન સાથે તેણીના પિતાજીએ ગંદુ કામ કરેલ હોવાની વાત તેણીની ભોગ બનનાર બહેને તેણીને કરેલ. જેથી તેણીની ભોગ બનનાર બહેને તેણીના પિતા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ આપેલી. પોલીસ તેણીના પિતાને પકડી ગયેલી. ત્યારબાદ તેણી તેણીના પિતાના ઘરે આવેલી અને પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનો જવાબ લીધેલો. તેણીની ભોગ બનનાર બહેને જણાવેલ કે, તેણીના પિતા તેની સાથે અવાર નવાર હેરાન કરતા, પરંતુ છેલ્લા ચાર પાંચ વર્ષથી તેણીની ભોગ બનનાર બહેન સાથે બળાત્કાર કરતા હતા. તેણીના પિતા તેણીને તેણીના પિયરમાં આવવા દેતા ન હતા. તેણીની સાથે તેણીના પિતા બળાત્કાર કરતા હતા, પરંતુ તેણીએ કોઇને કહેલ નહી. કારણ કે, તેણી એવુ નથી ઇચ્છતી કે, તેણીના ઘરની આબરુ જાય. પોલીસ તેણીને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે કોર્ટમાં લઇ ગયેલી. ત્યાં તેણીએ જજ સાહેબને તેણીનું નિવેદન લખાવેલુ હોવાનું જણાવી આંક–૩૬ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન રજુ કરેલ છે તેમજ આરોપીઓને ઓળખી બતાવેલ છે. વધુમાં, તેણીથી નાની બીજા નંબરની બહેને તેણીને જણાવેલ કે, તેની સાથે પણ તેણીના પિતાજી

બળાત્કાર કરતા હતા. પરંતુ, આબરુ જવાની બીકે તેણે કોઇને કહેલ નહી અને તેના લગ્ન થઇ ગયેલ છે અને તે તેની સાસરીમાં રહે છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, હાલના બનાવની ફરિયાદ આપી ત્યારે તેણીના લગ્ન થઇ ગયેલ હતા. બાર મહિનામાં એકાદ વખત તેણીને તેણીની માતા અને તેણીની ભોગ બનનાર બહેન સાથે ફોન પર વાત થતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, ફોન પર ફરિયાદ આપી તે અગાઉ બનાવ વિશે તેણીની ભોગ બનનાર બહેને તેણીને વાત કરેલ નથી. તેણી લગ્ન પહેલા તેણીના પરિવાર સાથે રહેતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, અનાવાડાનુ મકાન એક રૂમવાળુ મકાન છે. તેણીએ સ્વીકારેલ છે કે, તે મકાનની આજુબાજુ બીજા મકાનો આવેલા છે. સદર સાહેદની આરોપી નંબર–ર તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૨૦)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૭ ડો.તબસુમ મુમતાઝઅલી પઠાણની આંક–૩૭ ની જુબાની ધ્યાને લેતા, તેણી ગઇ તા.૧૧/૦૫/૨૦૨૪ ના રોજ ધારપુર હોસ્પિટલમાં ઇમરજન્સી વિભાગમાં તેણીની ફરજ પર હાજર હતી. તે દરમ્યાન બપોરના કલાક ૦૧–૪૮ વાગે એક ગુનાના કામના ભોગ બનનારને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે વુ.પો.કો.સરોજબેન, બ.નં.૨૮૩ નાઓ તેણીની સમક્ષ લાવતા, ભોગ બનનારની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તથા ભોગ બનનારના શરીરે ઓળખના ચિન્હોની નોંધ કરેલી તેમજ ભોગ બનનારને કેસની હિસ્ટ્રી પુછતાં તેણીએ પોતાના શબ્દોમાં લખાવેલ કે, ''૨૦૧૭ થી મને બળજબરીથી મારા પિતા મારા પર રેપ કરતા હતા અને મને અને મારી મમ્મીને ઘરમા પુરીને મારતા હતા અને ૨૦૧૭ પહેલી વાર રેપ કર્યો હતો, ત્યારે બધા નાહવા ગયા હતા ત્યારે રેપ કર્યો હતો અને અત્યાર સુધી ઘણીવાર મારા પર બળજબરીપૂર્વક મારા પર રેપ કરે છે અને ગળુ અને મોઢુ દબાવીને રેપ કરે છે, ઘરમાં પુરીને રાખતા, જમવાનુ ના આપતા અને માર મારતા, છેલ્લીવાર રેપ ઉતત્તરાણના દિવસે કરેલ છે, પછી લપકા કરે જતાં હતા અને અમારા પર રેપ કરતા હતા''. વધુમાં, તેઓએ ભોગ બનનારના શરીર ઉપરથી લીધેલો સેમ્પલોની વિગતો જણાવેલ છે તેમજ

ગાયનેકોલોજીસ્ટ ડો.આર.સી.પટેલનાઓએ ભોગ બનનારની તપાસણી કર્યા બદલ કેસ પેપર્સમાં ભોગબનનાર સાથે નજીકના ભુતકાળમાં શારિરિક સંબંધ બાંધેલાનુ નકારી શકાય નહી અને હાઈમેન જુનુ તુટેલ હોવાનો અભિપ્રાય આપેલો તેમજ ભોગ બનનારનો યુ.ટી.પી. ટેસ્ટ નેગેટીવ હતો તેમ જણાવેલ છે. વધુમાં, ભોગ બનનારને તેઓની હોસ્પિટલના મનોચિકીત્સક ડો.ચિંતન રાવલ પાસે રીફર કરેલ અને તેઓએ એકયુટ ટ્રેસ સીન્ડ્રોમનો અભિપ્રાય આપેલ. સદર ભોગ બનનારને તેઓની હોસ્પિટલના રેડીયોલોજીસ્ટ ડો.યતીક પટેલનાઓ પાસે પેટની સોનોગ્રાફી કરવા સારૂ મોકલેલા, જેમના અભિપ્રાય મુજબ સદર ભોગ બનનારનો રીપોર્ટ નોર્મલ આવેલો હોવાનું જણાવી આંક–૩૮ થી આંક–૪૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, સર્ટીફિકેટમાં ભોગ બનનાર તથા તેના વાલીની સંમતી મેળવવામાં આવેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, કેસ પેપર્સમા લીધેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને તપાસતા આંતરિક કે બાહ્ય ભાગે ઈજાના નિશાન જણાઈ આવેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, હાઈમેન તુટવાના સંભોગ સિવાયના પણ બિજા કારણો હોઈ શકે છે. સદર સાહેદની આરોપી નંબર–૨ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૨૧) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૮ ડો.રિધ્ધી દિનેશચંદ્ર પટેલની આંક–૪૪ ની જુબાની ધ્યાને લેતા, ગઈ તા.૧૨/૦૫/૨૦૨૪ ના રોજ તેણી ધારપુર હોસ્પીટલમાં ઇમરજન્સી વિભાગમાં તેણીની ફરજ પર હાજર હતી ત્યારે સવારના કલાક ૧૨–૩૨ વાગે આરોપી ચંદનજી વિહાજી ઠાકોરને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે પો.કો. વિક્રમભાઈ, બ.નં.૦૬૫ નાઓ તેમની સમક્ષ લાવતા, આરોપીની શારિરિક તપાસણી કરતા પહેલા આરોપીની લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તથા આરોપીના શરીરે ઓળખના ચિન્હોની નોંધ કરેલી તેમજ આરોપીએ તેના શબ્દોમાં જણાવેલ બનાવની હિસ્ટ્રીની નોંધ કરેલી હોવાનું જણાવેલ છે તેમજ આરોપીના શરીરે જોતા કોઈ બાહ્ય ઈજાના નિશાન જણાઈ આવેલ નહી તેમ જણાવી, આરોપીના શરીર ઉપરથી લીધેલ સેમ્પલોની વિગતો જણાવેલ

છે અને તેમની તપાસણી પરથી આરોપી શારિરિક સંબંધ માટે સક્ષમ હતો તેમ જણાવી આંક–૪૫ થી આંક–૪૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીને પોલીસ યાદી સાથે લાવેલા અને જે યાદી સાથે લાવેલ તે યાદીમાં કેસની વિગત લખેલી હતી. આરોપી અભણ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીના શરીર ઉપર કોઇ ઈજાના નિશાનો મળી આવેલા ન હતા. સદર સાહેદની આરોપી નંબર–૨ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૨૨)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૫ પંચ વિવેકકુમાર ભગવાનભાઇ પારૂપરલાની આંક–૩૧ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૧૨/૦૫/૨૦૨૪ ના રોજ તેઓના ઉપરી અધિકારી કાર્યપાલક ઈજનેર સા. માર્ગ અને મકાન પંચાયતનાઓએ તેમની ફરજ પર હતા, ત્યારે પંચમાં રહેવા સારુ હુકમ કરતા તેઓ તથા બીજા પંચ મહેશભાઇ હીરાભાઇ નાયીનાઓ બંન્ને પાટણ તાલુકા પો.સ્ટે.માં ગયેલા. તે વખતે પો.સ્ટે.માં એક ઈસમ હાજર હતો. તેનુ નામ પુછતા પોતાનુ નામ ચંદનજી વિહાજી ઠાકોર, રહે.અનાવાડાવાળો હોવાનુ જણાવેલ અને તેણે રાજીખુશીથી બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરેલા. તે જોતા એક સફેદ કલરનો શર્ટ, એક છીંકણી કલરનુ પેન્ટ રજુ કરેલ. આ કપડા પોલીસે અલગ અલગ કાપડની બેગીમાં મુકી તેઓ પંચોની સહીવાળી કાપલીઓ મુકી તપાસ અર્થે કબજે કરેલ. આ બાબતનુ વિગતવારનુ પંચનામુ તેઓ પંચોના લખાવ્યા મુજબ કમ્પ્યુટરમાં ટાઇપ કરેલ અને તેની પ્રિન્ટ કાઢી વંચાવતા તે ખરુ હોઇ તેમાં તેઓએ સહી કરેલી હોવાનું જણાવી આંક–૩૨ થી રજુ પંચનામામાં પોતાની અને બીજા પંચ મહેશભાઇ હીરાભાઇ નાયીની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં, ત્યારબાદ તે જ દિવસે બપોરના પોણા ત્રણ વાગ્યાના અરસામાં પંચમાં રહેવા સારુ પોલીસે બોલાવેલ. પો.સ્ટે. જતા ત્યાં એક ભોગ બનનાર બહેન તથા બીજી બે બહેનો હાજર હતી. ભોગ બનનારનુ નામ પુછતા પોતાનુ નામ સરનામુ જણાવેલુ. ભોગ બનનારે રાજીખુશીથી ચારેક મહિના અગાઉ બનાવમાં પહેરેલ કપડા લાવી રજુ કરેલ. તે જોતા એક આસમાની કલરનુ ટોપ, એક લાલ કલરનો પાયજામો, એક જાંબલી કલરનો જાંગીયો રજુ કરેલ. આ કપડા

પોલીસે અલગ અલગ કાપડની બેગીમાં મુકી તેઓ પંચોની સહીવાળી કાપલીઓ મુકી તપાસ અર્થે કબજે કરેલ. આ બાબતનુ વિગતવારનુ પંચનામુ તેઓ પંચોના લખાવ્યા મુજબ કોમ્પ્યુટરમાં ટાઇપ કરેલ અને તેની પ્રિન્ટ કાઢી વંચાવતા તે ખરુ હોઇ તેમાં તેઓએ સહી કરેલી હોવાનું જણાવી આંક–૩૩ થી રજુ પંચનામામાં પોતાની અને બીજા પંચ મહેશભાઇ હીરાભાઇ નાયીની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં, ત્યારબાદ તે જ દિવસે ત્યાં હાજર ભોગ બનનાર બહેને ગુનાવાળી જગ્યા બતાવવાનુ કહેલ અને તે મુજબનુ પ્રથમ ભાગનુ પંચનામુ કરેલ. ત્યારબાદ સરકારી વાહનમાં તેઓ પંચો તથા પોલીસના માણસો તથા ભોગ બનનાર બહેન, માતા તથા એફ.એસ.એલ. અધિકારી, વિડીયોગ્રાફર વિ.તમામ બેસી ભોગ બનનારના બતાવ્યા મુજબ અનાવાડા મુકામે સુદામા ચોકડી થઇ ગયેલા. અનાવાડા ગામથી દુધારામપુરા રોડ પર એક ઘર આગળ ગાડી ઉભી રખાવેલી અને તે ઘર પોતાનુ હોવાનુ ભોગ બનનારે જણાવેલ. તેઓ તમામ ગાડીમાંથી નીચે ઉતરી ભોગ બનનારને આગળ ચાલી જગ્યા બતાવવાનુ કહેતા તેણે ઘર બતાવેલ તે ઘર જોતા રોડથી ઉત્તર દિશા તરફ દક્ષિણ દિશાના મોઢા વાળુ હતુ અને તે મકાનની આગળના ભાગે ફળીયુ હતુ અને તે આશરે ૫૫*૧૫ નુ હતુ અને તે એક રૂમનુ મકાન હતુ અને આગળ ઓશરીનો ભાગ હતો અને તે ઓશરીમાં નીચે પ્લાસ્ટર કરેલ હતુ અને ઉપર લોખંડના પતરા નાખેલા હતા અને તે જગ્યા આશરે ૧૩*૧૦ ફુટ ની હતી અને ભોગ બનનારે જણાવેલ કે ઓસરીના દક્ષિણ પશ્રિમ ખુણામાં દુષ્કર્મ કરેલ જગ્યા હોવાનુ જણાવેલ અને તે જગ્યા એફ.એસ.એલ. અધિકારીએ ઝીણવટભરી રીતે તપાસ કરતા બનાવ બને સમય થયેલ હોઇ કોઇ નોંધપાત્ર ચિન્હો મળી આવેલ નહી અને તેની ચતુર્સીમા જોતા પુર્વ બાજુ રાજુભાઇ ભીલનુ મકાન, પશ્રિમ બાજુ તળાવ, ઉતરમાં મકાનની પાછળ ખેતરો હતા અને પશ્રિન તરફ ધરનુ આંગણુ છોડી રોડ હતો. આ મુજબનુ ચતુર્સીમાવાળુ વિગતવારનુ તેઓ પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ પોલીસે કરેલ અને તે વાંચ્યા સમજ્યા બાદ બરાબર અને ખરુ હોઇ તેમાં તેઓ પંચોએ સહી કરેલી હોવાનું જણાવી આંક–૩૪ થી રજુ પંચનામામાં પોતાની અને બીજા પંચ મહેશભાઇ હીરાભાઇ નાયીની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, પંચમાં

રહેવા સારુ તેમને લેખિત હુકમ કરેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, મૌખિક હુકમ સાહેબે કરેલ. પંચનામાના દિવસે રજા હતી અને સાહેબનો ફોન આવેલો એટલે તેઓ પો.સ્ટે.ગયેલા. તેઓ સવારે દસેક વાગ્યા આસપાસ પો.સ્ટે. પહોંચેલ. તેઓએ સ્વીકારેલ છે કે, પો.સ્ટે.માં પોલીસના માણસો હાજર હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેમને આરોપી સાથે કોઇ વાતચિત થયેલ નહી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, કપડા બતાવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર અને આરોપીએ બીજા રૂમમાં જઇ કપડા બદલાવી લાવી રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓ ગુનાવાળી જગ્યાએ આશરે ચારેક વાગે પહોંચેલા અને સરકારી વાહનમાં ગયેલા. તે વાહનનો નંબર તેમને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા હતા. સદર સાહેદની આરોપી નંબર-૨ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૨૩)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૯ પંચ કનુભાઇ મગનભાઇ સોલંકીની આંક-૪૮ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ પોલીસે તેમને તેમના સાહેબના આદેશ અનુસાર પંચમાં રહેવા સારુ બોલાવતા તેઓ પાટણ તાલુકા પો.સ્ટે. ગોલાપુર ગયેલા અને તે વખતે તેમની સાથે કમલેશભાઇ ધનજીભાઇ પરમાર હાજર હતા. પો.સ્ટે.માં તેઓ રાઇટર ઓફીસમાં ગયેલા અને ત્યાં પોલીસના સાહેબને મળેલા. તે વખતે પો.સ્ટે.માં તેઓ પંચો તથા પોલીસના માણસો હતા અને પોલીસના સાહેબે તેમને વિડીયો બતાવેલ અને સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. પોલીસે જે કેસેટ બતાવેલી તે કસેટનું શું કરેલ તે તેમને ખબર નથી. જે કેસેટમાં કોઇ ભાઇ બોલતા હતા તે શું બોલતા હતા તે તેમને ખબર નથી. જે પંચનામામાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક-૪૯ થી રજુ કરેલ છે. બચાવપક્ષે આરોપી નંબર-૨ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ તથા કમલેશભાઇ ધનજીભાઇ પોલીસના બોલાવવાથી પો.સ્ટે. ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે બે પેજનુ તૈયાર કાગળ લખેલુ અને તેમાં સહી કરવાનુ કહેતા તેમણે અને કમલેશભાઇએ સહી કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આ કાગળમાં પોલીસે શું

લખેલ તેની તેમને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ ત્યાં ગયા અને સહી કરેલી, તે સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નહી. સદર સાહેદની આરોપી નંબર–૧ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૨૪) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૧૦ પંચ મુકેશભાઇ ઇન્દુભાઇ રાવલની આંક–૫૦ ની જુબાની ધ્યાને લેતા, તેઓ ગઇ તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ પાટણ નગરપાલિકામાં જુ.કલાર્ક તરીકે વાહન શાખામાં ફરજ બજાવતા હતા. ત્યારે તેઓના ચીફ ઓફીસર સા.ને પોલીસ મારફતે પંચ મેળવવા યાદી પાઠવતા તેઓના સાહેબે તેઓને પંચમાં રહેવાનો હુકમ કરતા તેઓ તથા મહેન્દ્રભાઇ વાલાભાઇ પટેલનાઓ પો.સ્ટે. ગયેલા. તેઓ પાટણ તાલુકા પો.સ્ટે. ગોલાપુર મુકામે ગયેલા. તેઓ પો.સ્ટે.માં રાઇટર સાહેબને મળેલા. પોલીસના સાહેબે તેઓને કહેલ કે, મોબાઇલ બાબતનુ પંચનામુ કરવાનુ છે, તેથી તેઓએ સંમતિ આપેલી. તે વખતે પો.સ્ટે.માં ગોપાલભાઇ મોહનભાઇ ભરવાડ, રહે.અનાવાડાવાળા હાજર હતા. ગોપાલભાઇએ એક મોબાઇલમાં વીડીયો ઉતારેલ હતો અને આ વીડીયો વાયરલ કરેલ હતો. આ વિડીયો તેઓએ જોયેલો. તે વીડીયો પાંચેક મિનિટનો હતો. આ મોબાઇલ ઓપો કંપનીનો સીલ્વર કલરનો હતો. આ મોબાઇલ પોલીસે પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી તેઓ પંચોની સહીવાળી કાપલીઓ મુકી તપાસ અર્થે કબજે કરેલ. આ બાબતનુ પોલીસે વિગતવારનુ પંચનામુ લખેલ અને તે વાંચ્યા સમજ્યા બાદ ખરુ હોઇ તેઓએ સહી કરેલી હોવાનું જણાવી આંક–૫૧ થી રજુ પંચનામામાં તેમની અને મહેન્દ્રભાઇ વાલાભાઇ પટેલની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે આરોપી નંબર–૨ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસના બોલાવવાથી તેઓ ગોલાપુર પો.સ્ટે.ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસના સાહેબે મોબાઇલ રજુ કરેલ. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસના સાહેબે કહેલ કે, મોબાઇલમાં વીડીયો છે અને તેનું પંચનામુ કરવાનુ છે. તેઓએ સ્વીકારેલ છે કે, હાલના પંચનામા અગાઉ તેઓ કોઇ પંચનામામાં રહેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેઓના પહોંચ્યા પછી પંચનામુ કમ્પ્યુટરમાં તૈયાર કરેલ. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમને સહી કરવાનુ કહેતા તે વાંચીને સહી કરેલી.

સદર સાહેદની આરોપી નંબર–૧ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૨૫)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૧૧ હે.કો.દિલીપસિંહ કાથુજી વાઘેલાની આંક–૫૨ ની જુબાની ધ્યાને લેતા, તા.૧૧/૦૫/૨૦૨૪ ના રોજ તેઓ પાટણ તાલુકા પો.સ્ટે.માં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા. ત્યારે પી.આઇ.શ્રી ચૌધરી સા.નાઓ રૂબરૂની એક લેખીત ફરિયાદ યાદી સાથે ગુનો રજી. કરવા માટે તેમની સમક્ષ આવેલી. જે ફરિયાદ વંચાણે લઇ પા.તા. પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૬૨૪૦૨૪૨/૨૦૨૪, ઇ.પી.કો.કલમ–૩૭૬ (૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૩(એ)(બી),૪,૫(એલ), ૬ વિ. મુજબનો ગુનો નોંધી ડેપ્યુટ હુકમથી આગળની તપાસ પી.આઇ.ચૌધરી સા.નાઓને મોકલી આપેલ હોવાનું જણાવી આંક–૫૩ થી ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદવાળા બનાવ અંગે તેમને જાત માહિતી નથી.

**(૨૬)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૧૨ પી.આઇ.ભારતીબેન કુલજીભાઇ ચૌધરીની આંક–૫૫ ની જુબાની ધ્યાને લેતા, તેઓ ગઇ તા.૧૧/૦૫/૨૦૨૪ ના રોજ પાટણ તાલુકા પો.સ્ટે.માં પી.આઇ. તરીકે તેમની ફરજ પર હાજર હતી. ત્યારે આ કામના ફરિયાદી તેમની સમક્ષ આવેલા અને તેમની ફરિયાદ હકીકત જાહેર કરતા તેમણે તેમના લખાવ્યા મુજબ ફરિયાદ હકીકત લખી લીધેલ અને તે તેમને વાંચી સંભળાવતા તે બરાબર અને ખરી હોઇ તેઓએ તેમાં તેમની સહી કરેલી અને રૂબરૂ તરીકે તેમણે તેમની સહી કરેલી. જે આંક–૨૬ થી રજુ છે તે છે. ત્યારબાદ સદર ફરિયાદ યાદી સાથે ગુનો રજી.કરવા સારુ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ. પી.એસ.ઓ.એ ગુનો રજીસ્ટર્ડ કરી ડેપ્યુટ હુકમથી તેમની તરફ તપાસ મોકલી આપતા, તેમણે તપાસ સંભાળી લીધેલી. જે આંક–૫૩ થી રજુ છે તે છે. તપાસના કામે ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા સારુ યાદી લખી મેડીકલ ઓફીસર સમક્ષ મોકલી આપેલ. સદર ગુનો વિઝીટેશનનો બનતો

હોઇ વિઝીટેશન માટે પધારવા સારુ ડી.વાય.એસ.પી.પંડ્યા સા.નાઓને રીપોર્ટ કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ભોગ બનનારનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નુ નિવેદન લેવડાવવા સારુ નામદાર કોર્ટને યાદી કરેલી. આરોપી ચંદનજી વિહાજી મળી આવતા તેઓને પો.સ્ટે. લાવી પુછપરછ કરી અટક કરેલ. સરકારી પંચો મેળવવા સારુ ચીફ ઓફીસર નગરપાલિકા પાટણને યાદી કરેલી અને તેઓએ પંચો ફાળવેલા. આરોપીની મેડીકલ તપાસણી કરાવવા સારુ મેડીકલ ઓફીસર સમક્ષ મોકલી આપેલ. સ્થળ વિઝીટ માટે વીડોયોગ્રાફર તથા એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા સારુ રીપોર્ટ કરેલ. ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બે સરકારી પંચો તથા વિડીયોગ્રાફરની હાજરીમાં કરેલ. ભોગ બનનાર તથા આરોપીના કપડા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. મુદ્દામાલના કપડા તથા મેડીકલ સેમ્પલો એફ.એસ.એલ.તપાસણી અર્થે રવાનગી ફોર્મ ભરી મોકલી આપેલા. ફરિયાદી/ભોગ બનનારે એક લેખીત અરજી આપતા તે વંચાણે લઇ કામમાં સામેલ રાખેલ. જેમાં ફરિયાદી/ભોગ બનનારે જણાવેલ કે, તાજેતરમાં સોશીયલ મીડીયામાં ભરવાડ ગોપાલભાઇ, રહે.અનાવાડાવાળાઓએ વીડીયો બનાવી વિડીયો જાહેર કરેલાનુ તેઓના કૌટુબીક લોકો દ્રારા જાણ થયેલ અને તેમાં અમારી કોઇ મૌખિક કે લેખીત સંમતિ મેળવેલ નહી અને તેમાં ભોગ બનનારની વિગતો જાહેર કરી ઓળખ છતી કરેલ. આ અરજી વંચાણે લઇ કામમાં સામેલ રાખેલ. તપાસના કામે કલમ વધારા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. સહઆરોપી ગોપાલભાઇ ભરવાડને પો.સ્ટે. લાવી પુછપરછ કરી અટક કરેલ. સહઆરોપી ગોપાલભાઇ ભરવાડનો મોબાઇલ બે સરકારી પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. વીડીયોની ડી.વી.ડી. બનાવનીને મોબાઇલ તથા ડી.વી.ડી.ને એફ.એસ.એલ. તપાસણી અર્થે રવાનગી ફોર્મ ભરી મોકલી આપેલ. ભોગ બનનારના જન્મ તારીખ અંગેનુ પ્રમાણપત્ર તલાટી કમ મંત્રી તથા શાળાઓમાંથી મેળવી કામમાં સામેલ રાખેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદન તેમજ ભોગ બનનારની બે બહેનોના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદન લેવડાવવા સારુ તજવીજ કરેલી. એફ.એસ.એલ.માંથી મુદ્દામાલ મળ્યાની પહોંચો આવતા કામમાં સામેલ રાખેલ. એફ.એસ.એલ.માંથી પૃથ્થકરણ અહેવાલ આવતા તે

વંચાણે લઇ કામમાં સામેલ રાખેલ. સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે તેમજ આંક–૫૬ થી આંક–૭૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષે આરોપી નંબર–૧ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ ફરિયાદ લીધી ત્યારે આ બનાવ આઠ વર્ષ પાંચ મહિના જુનો હતો તે બાબતે ખરાઇ કરેલ કે કેમ તેવુ પુછતા તેઓએ જણાવેલ છે કે, સતત બનાવ ચાલુ હતો અને ભોગ બનનાર તથા તેની બહેનોની પણ પુછપરછ કરેલ. જેમાં તેઓનુ પણ શારિરિક શોષણ આરોપીએ કરેલ તેવુ જાણવા મળેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના ઘરો આવેલા છે. તેઓએ સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યાથી આગળ જાહેર રોડ આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તપાસના કામે ગુનાવાળી જગ્યાની આજુબાજુના રહેણાંકના લોકોનો નિવેદન લીધેલ નથી. વધુમાં, સદર સાહેદની આરોપી નંબર–ર તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદીની ફરિયાદમાં આરોપી નંબર–ર નુ કોઇ નામ જાહેર કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૭૯ ની અરજીમાં તેમની કે કોઇ પોલીસ અધિકારીની સહી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૭૯ ની અરજીમાં ભોગ બનનારે સોશીયલ મિડીયામાં કઇ એપ્લીકેશનથી વીડોયો વાયરલ કરેલ તે જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૭૯ ની અરજીમાં જણાવેલ વિડીયોની સંમતિ બાબતે તેમણે ભોગ બનનારના કુટુંબીજનોના નિવેદનો લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કહેવાતો વિડીયો જોયેલ હોય તેવા કોઇ સાહેદના નિવેદનો તપાસના કામે લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ડી.વી.ડી. ભોગ બનનારે રજુ કરેલ. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, આરોપીના મોબાઇલમાં પણ વીડીયો હતો. જે એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલી આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ડી.વી.ડી. કબજે કર્યાના પંચનામામાં વીડીયો ફાઇલનુ નામ vid–20240527–wa0044.mp4 લખેલ છે અને તેની સાઇઝ ૬૬.૬ એમ.બી.ની હતી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીએ રજુ કરેલ મોબાઇલનુ પંચનામુ તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી પાસેથી મોબાઇલ કબજે કર્યાના પંચનામામાં

વીડીયોનુ નામ તથા સાઈઝ લખેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેમાં પાંચ મિનીટ અને ૨૪ સેકન્ડનો વીડીયો હોવાનુ લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, મોબાઈલ તા.૧૩/૦૬/૨૦૨૪ ના રોજ તપાસણી અર્થે ગાંધીનગર ખાતે મોકલી આપેલ. વધુમાં, તેઓએ સ્વીકારેલ છે કે, તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજના ડી.એફ.એસ. ગાંધીનગરના રીપોર્ટમાં વીડીયો ફાઈલનુ નામ vid-20240512202535 લખેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, ફરિયાદીએ રજુ કરેલ તે સોશીયલ મીડીયામાંથી મેળવીને ડી.વી.ડી.બનાવની રજુ કરેલ, જ્યારે તેમણે મુદ્દામાલ મોબાઈલ કબજે કરેલ તે મોબાઈલમાં જે વીડીયો હતો તેની નોંધ એફ.એસ.એલ. રીપોર્ટમાં કરેલ છે.

(૨૭) વધુમાં, આરોપી નંબર-૧ તરફે તપાસેલ બચાવપક્ષના સાહેદ નંબર-૧ નંદાબેન વનાજી ઠાકોરની આંક-૮૮ ની જુબાની ધ્યાને લેતા, આ કામના આરોપી નંબર-૧ ના લગ્ન ઘણા વર્ષો પહેલા થયેલા. તેણીના ભાઈને સંતાનમાં એક દિકરો અને ત્રણ દિકરીઓ છે. તેણીના ભાભી કાયમથી ઝઘડારા સ્વભાવના હતા અને તેણીના ભાઈને માનસિક ત્રાસ આપતા હતા. આજથી આશરે દસેક વર્ષ પહેલા તેણી તેણીના ભાઈ ભાભી તથા તેના સંતાનોને મજુરી કરવા માટે રાજપુર મુકામે તેણીની સાથે લઈ ગયેલી અને તેઓ છએક વર્ષ સુધી તેણીની સાથે રહી ખેતમજુરી કરી ગુજરાન ચલાવતા હતા. તેણીના ભાઈની સૌથી મોટી દિકરી કે જે કુવારી હતી તે કોઈ છોકરાને લઈને ભાગી ગયેલી. તેઓ તેણીને ત્રણેક દિવસ બાદ શોધીને ઘરે પરત લાવેલા. ત્યારબાદ તેણીના ભાઈ અને ભાભીને છોકરીઓ બાબતમાં અવાર નવાર ઝઘડા થતા હતા. તે વખતે આ કામના આરોપી નંબર-૨ ગોપાલભાઈએ રાજપુર મુકામે પ્રાઈવેટ દવાખાનુ ચાલુ કરેલ. તે વખતે તેણીના ભાઈના ઘરમાં પત્ની તથા છોકરીઓ બિમાર પડે ત્યારે ગોપાલભાઈ ડોકટરના દવાખાને તપાસ માટે જતા અને તે દવાઓ આપતો હતો. જેથી તેણીની ભાભી આ ગોપાલભાઈ સાથે સારા પરિચયમાં આવેલી. તે વખતે તેણીનો ભાઈ ઘરમાં એકલો જ કમાવનાર વ્યક્તિ હતો. તે વખતે તેણીની ભાભીને આરોપી નંબર-૨ ગોપાલભાઈ સાથે પ્રેમસંબંધ થઈ ગયેલો અને તેના કારણે

તેણીના ભાઇ અને ભાભી વચ્ચે ઝઘડા થતા હતા અને તે વખતે તેણીની ભાભી તથા ત્રણેય દિકરીઓ એક થઇ ગયેલી અને તેઓ તેણીના ભાઇ ચંદનજી સાથે અવાર નવાર ઝધડા કરતા હતા. તેણી આ બાબતે તેણીની ભાભી અને તેણીની ભત્રીજીઓને અવાર નવાર ઠપકો પણ આપતી હતી. તે વખતે તેણીએ એવુ ઘણી વખત સાંભળેલ કે, તેણીની ભાભી કહેતી હતી કે, તેણીના ભાઇ ચંદનજીને જબર ફસાવવો છે. ત્યારબાદ તેણીનો ભાઇ તેના પરિવાર સાથે અનાવાડા ગામે રહેવા આવેલો. તેણીનો ભાઇ અનાવાડા ગામે આવેલ, પરંતુ આરોપી નંબર-૨ ગોપાલભાઇ કે જે અનાવાડા ગામનો ભાણીયો થતો હોઇ તેણીના ભાભી સાથે પ્રેમ સંબંધમાં રહેલો. અનાવાડા ગામે તેણીના ભાઇ અને ભાભી વચ્ચે અવાર નવાર ઝઘડાઓ ચાલુ રહેલા. તે વખતે તેણીની બીજા નંબરની ભત્રીજી કુણઘેરના છોકરાને લઇને ભાગી ગયેલી. પછી તેને તેઓ શોધી લાવેલા અને ત્યારબાદ તેના લગ્ન કરી દિધેલ. તેણીની સૌથી નાની ભત્રીજી પણ અવાર નવાર ફોનમાં વાતચિતો કરતી હતી અને તેણીનો ભાઇ જોઇ જતા તેને ઠપકો આપતા તે ઝઘડા કરતી હતી. ત્યારબાદ આરોપી નંબર-૨ ગોપાલભાઇ તેણીની ભાભી અને સૌથી નાની ભત્રીજીને અનાવાડાથી હારીજ લઇ ગયેલ અને ત્યાં તેણીની ભત્રીજીના લગ્ન કરાવેલ અને તેણીના ભાઇને જેલમાં પુરાવેલ. હાલમાં તેણીની સૌથી નાની ભત્રીજી તથા ભાભીને મળવા આરોપી નંબર-૨ અવાર નવાર હારીજ જાય છે અને તે ગાડીમાં લઇને ફરે છે. જેના કારણે તેણીની ભાભી તથા ભત્રીજીઓ તેઓની સાથે સંબંધ રાખતી નથી. તેણીનો ભત્રીજો કે જે તેણીના ભાઇ ચંદનજીનો છોકરો જે તેણીની પાસે રહે છે. તેણીની ભાભી તેણીના ભત્રીજા જોડે સંબંધ રાખતી નથી અને તેને બોલાવતી પણ નથી અને તેણીની ભત્રીજીઓ પણ તેના સગા ભાઇ જોડે સંબંધ રાખતી નથી અને બોલાવતી નથી. તેણીનો ભાઇ તેઓ નાના હતા ત્યારથી તેણીના ભાઇએ તેઓને કદી પણ હાથ અડાડેલ નથી. ગામમાં પણ તેણીના ભાઇ ચંદનજીની કદી પણ ફરિયાદ ન હતી. તેણીના ભાઇનો સ્વભાવ થોડો કડક હતો, પરંતુ ગામમાંથી કોઇ દિકરી કે છોકરીએ તેણીના ભાઇએ અડપલા કરેલ હોય તેવી કોઇ ફરિયાદ આજદિન સુધી તેઓને કરેલ નથી. તેણી તેણીના ભાઇ સાથે રાજપુર રહેતી હતી, તે વખતે તેણીની ભાભી અને ભત્રીજીઓનુ વર્તન સારુ ન હતુ

અને તેણીની મોટી બે ભત્રીજીઓ એક પછી એક છોકરાને લઇને ભાગી ગયેલી હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, તેણી તેણીના ભાઇની મોટી બે દિકરીઓ ભાગી ગયેલાનુ જણાવે છે તે બાબતની તેઓએ કોઇ ફરિયાદ કરેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવના અરસામાં તેણોનો ભાઇ તેના પરિવાર સાથે અનાવાડા ગામે અલગથી રહેતો હતો અને હાલના ગુનાની ફરિયાદ થઇ ત્યારે તેણી પાટણ મુકામે રહેતી હતી તેવુ સ્વીકારેલ છે. જયારે આરોપી નંબર–૨ તરફેની ઉલટતપાસમાં તેણીએ સ્વીકારેલ છે કે, આરોપી નંબર–૧ તેણીનો સગો ભાઇ થાય છે અને તે હાલમાં જેલમાં છે. તેણીએ સ્વીકારેલ છે કે, દરેક મુદતે તેણી કોર્ટમાં તેને મળવા આવે છે અને જેલમાં પણ મુલાકાતે જાય છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીનો ભાઇ આરોપી નંબર–૧ જેલમાંથી નીકળે તે સારુ તેણી આજરોજ નામદાર કોર્ટમાં જુબાની આપવા આવેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીનો ભાઇ તદ્દન નિર્દોષ છે. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીનો કોઇ જવાબ લીધેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના લગ્ન આશરે ત્રીસેક વર્ષ પહેલા થયેલા અને તેણી તેણીની સાસરીમાં રહે છે અને તેણી વાર તહેવારે તથા પ્રસંગોપાત તેણીના ભાઇના ઘરે જતી આવતી હતી. તેણીએ ઇન્કાર કરેલ છે કે, તેણીએ તેણીની સરતપાસમાં આરોપી નંબર–૨ વિરુદ્ધ જે કોઇ આક્ષેપો કરેલ છે તે બાબતે પોલીસમાં કોઇ અરજી કે ફરિયાદ આપેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીની મોટીબહેન બબીબેને અરજી આપેલી. એ વાતની તેણીને ખબર નથી કે, તેણીની બહેનની અરજી આધારે કોઇ ફરિયાદ થયેલ કે કેમ.

(૨૮) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આરોપી નંબર–૧ નાઓ વિરૂધ્ધ જે આક્ષેપ સબંધે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, તે બાબતેનો પુરાવો ધ્યાને લેતા, સાહેદ નંબર–૩ ભોગ બનનારની આંક–૨૫ ની જુબાની જોતા, બનાવ બનવાનું સને–૨૦૧૭ થી ચાલુ થયેલ. બનાવના અરસામાં એક દિવસ આશરે બપોરના બે વાગે ભોગ બનનારના પિતા ઘરમાં સુતેલ હતા અને ભોગ બનનાર ઘરમાં કામ કરતી હતી. ભોગ બનનારના માતા

અને બીજા ભાઈ બહેનો ઘરે હાજર ન હતા. તે વખતે ભોગ બનનારના પિતા / આરોપી નંબર–૧ નાએ ભોગ બનનારને બોલાવેલ અને જબરજસ્તીથી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેણીની લેંઘી કાઢી નાંખેલ અને શારીરિક અડપલા કરવા લાગેલ તેમજ ગુપ્ત ભાગે અડપલા કરેલ અને બટકા ભરેલ. ત્યારબાદ તેજ દિવસે રાત્રે આરોપી નંબર–૧ નાએ તેણીની સાથે બળજબરીથી બળાત્કાર કરેલ. ત્યારબાદ તે રીતે વારંવાર ભોગ બનનારની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરતા હતા અને આરોપી નંબર–૧ દિવસે અડપલા કરતા અને રાત્રે બળાત્કાર કરતા. ભોગ બનનાર બુમો પાડતી ત્યારે તેણીનું મોઢુ દબાવી દેતા અને હાથ દબાવી દેતા તેમજ ભોગ બનનારને આરોપી નંબર–૧ નાએ આ વાત કોઈને કહીશ તો તેણીની માતા અને ભાઈને મારી નાંખશે તેવી ધમકી આપતા તેમજ ફરીયાદ આપી તેના ચારેક મહિના અગાઉ રાતના દસેક વાગે ભોગ બનનારના પિતા તેણી પાસે આવેલા અને ભોગ બનનારના ના પાડતી છતા, ભોગ બનનાર સાથે જબરજસ્તીથી બળાત્કાર કરેલ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષની ઉલટતપાસ જોતા, ભોગ બનનાર જે મકાનમાં રહેતા હતા તે એક રૂમ અને એક ઓસરીવાળુ મકાન હતુ તેવુ સ્વીકારેલ છે તેમજ બનાવના અરસામાં તે મકાનમાં ભોગ બનનાર, તેણીના માતા–પિતા અને ભાઈ–બહેનો સાથે રહેતા હોવાનો ઈન્કાર કરેલ છે અને ભોગ બનનાર તેણીના માતા–પિતા સાથે રહેતા હતા, ભાઈ કોઈક દિવસ ઘરે આવતો હતો તેવુ સ્વેચ્છાએ જણાવેલ છે. વધુમાં, ભોગ બનનારથી મોટી બહેનના લગ્ન એક વર્ષ પહેલા થયેલા. તેણીને લગ્ન કર્યા તે પહેલા તેઓની સાથે રહેતી હતી તેવુ જણાવેલ છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેઓ જે મકાનમાં રહેતા હતા તેનો ઓસરીનો ભાગ ખુલ્લો હતો. રાત્રીના ભાગે ભોગ બનનાર, તેણીની બહેન અને માતા–પિતા ઓસરીના ભાગે સુતા હોવાનું સ્વીકારેલ છે. વધુમાં, મકાનની આજુબાજુ બીજા ઘણા રહેણાંકના મકાનો આવેલા હોવાનું પણ સ્વીકારેલ છે તેમજ બનાવની વાત જે તે સમયે તેણીએ ઘરના સભ્યોને કરેલ નથી તેવુ પણ સ્વીકારેલ છે. આમ, ઉપરોકત જુબાની જોતા, ભોગ બનનારે પોતાની ફરીયાદ હકીકતને પોતાની સરતપાસમાં સમર્થન આપેલ છે. જો કે, ઉલટતપાસ જોતા, એક રૂમ અને એક ઓસરીવાળુ મકાન હતુ અને ઓસરીનો ભાગ ખુલ્લો હતો અને રાત્રીના સમયે ભોગ બનનાર તેણીના

માતા–પિતા, બહેન બધા ઓસરીના ભાગે સુતા હતા અને આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા હતા અને બનાવની વાત જે તે સમયે તેણીએ ઘરના સભ્યોને કરેલ નહીં તેવુ જણાવેલ છે. જેથી ઉપરોકત ઉલટતપાસ આધારે ભોગ બનનારે ખોટી હકીકતો ઉપજાવી કાઢી હોવાની બચાવપક્ષની તરફે રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, ભોગ બનનારનું આંક–૨૭ થી રજુ થયેલ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન ધ્યાને લેતા, તેમાં ભોગ બનનારે ઉપરોકત હકીકતને સમર્થન આપતી હકીકત જણાવેલ છે તેમજ કલમ–૧૬૪ નું નિવેદન જોતા, તેણી ડરી ગયેલ હોવાની અને પોતાનો સગો બાપ આવુ કરે તે તેણીને માનવામાં આવતુ ન હોવાનું કલમ–૧૬૪ નું નિવેદન જોતા જણાય છે તેમજ બનાવના અરસામાં તેણી ધોરણ–૭ માં અભ્યાસ કરતી હતી અને તેણીને કંઇ ખબર પડતી ન હતી તેવી હકીકત પણ કલમ–૧૬૪ ના નિવેદનમાં જણાવેલી છે. વધુમાં, કલમ–૧૬૪ નું નિવેદન જોતા, ભોગ બનનારે ઘણી બધી વિગતો રડતા રડતા જણાવેલી છે અને વિદ્ધાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ પણ તે બાબતને કલમ–૧૬૪ ના નિવેદનમાં નોંધેલ છે. વધુમાં, તેણીને વિશેષમાં કંઇ કહેવુ છે તે બાબતે પુછતા, ભોગ બનનારે મારા કેસની જાહેરાત કરજો, એટલે બીજી કોઇ છોકરી જોડે આવુ થતુ હોય તો તેને આવો કેસ કરવાની તાકાત મળે, હું તમને પ્રાર્થના કરૂ છું કે, મારા બાપને બહાર ના કાઢતા, નહીંતર એ મારી મા અને મારા ભાઇ અને મને મારી નાંખશે, તેને બહાર ના કાઢતા, તે મરી જશે તો પણ અમારે તેની લાશ પણ જોઇતી નથી તેવુ જણાવેલ છે. વધુમાં, આ કામે સાહેદ નંબર–૭ ડો.તબસુમ મુમતાઝઅલી પઠાણની આંક–૩૭ ની જુબાની જોતા, તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં પણ ભોગ બનનારે આરોપી નંબર–૧ નાએ તેણીની સાથે સને–૨૦૧૭ થી બળજબરીથી રેપ કરતો હોવાની હકીકતો જણાવેલ છે અને ફરીયાદની હકીકતને સમર્થન મળે છે. વધુમાં, મેડીકલ ઓફિસરે ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બંધાયેલાનું નકારી શકાય નહીં અને હાઇમેન જુનુ તુટેલ હોવાનો અભિપ્રાય આપેલ હોવાનું જણાવેલ છે. જો કે, તેઓએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, હાઇમેન તુટવાના સંભોગ સિવાયના પણ બીજા કારણો હોઇ શકે. પરંતુ, ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બંધાયેલ હોવાની હકીકતનું બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી. આમ,

ઉપરોકત હકીકત જોતા, આ કામના આરોપી નંબર–૧ કે જે ભોગ બનનારના પિતા હોવા છતા, ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

(૨૯) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૪ ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેનનો આંક–૨૮ નો પુરાવો જોતા, ભોગ બનનારે તેણીને આ કામના આરોપી નંબર–૧ શરીર સંબંધ બાંધતા હોવાનું જણાવેલ છે અને તે બાબતે ભોગ બનનારે ફરીયાદ કરેલી હોવાની હકીકત પણ સાહેદે જણાવેલ છે. ત્યારબાદ ભોગ બનનારની ફરીયાદ અનુસંધાને સદર સાહેદ પણ પોલીસ સ્ટેશન ગયેલા અને ફરીયાદ આપી તે પહેલા સદર સાહેદ પોતે પણ કુંવારી હતી અને પોતાના પિતાના ઘરે રહેતી હતી ત્યારે આરોપી નંબર–૧ નાઓ તેણી સાથે પણ ખરાબ કામ કરતા હતા તેવી હકીકત જણાવેલ છે તેમજ આરોપી નંબર–૧ ઘરમાં ધોકા, ધારીયા રાખતા, બહાર જાય તો ઘરમાં તાળુ મારીને જતા હતા, તેણીના લગ્ન થઇ ગયેલ હોઇ, ઘરસંસાર બગડે નહીં તે કારણસર તેણીએ પોતાની સાથે બનેલ બનાવની વાત કોઇને કરેલ નહીં. વધુમાં, સાહેદે જણાવ્યા મુજબ, તેણીના પિતા તેણી સાથે ખરાબ કામ કરતા હતા ત્યારે તેણીની ઉંમર આશરે ૧૫ થી ૧૬ વર્ષની હશે તેવુ જણાવેલ છે. વધુમાં, સદર સાહેદ ધોરણ–૧૦ સુધી ભણેલ હોવાનું પણ જણાવેલ છે. વધુમાં, બચાવપક્ષે થયેલ ઉલટતપાસ ધ્યાને લેતા, સદર સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતનું ખંડન થયેલ હોવાનું ઉલટતપાસ જોતા જણાઇ આવતુ નથી. ઉલટાનું સદર સાહેદે આંક–૨૯ થી આપેલ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ નું નિવેદન ધ્યાને લેતા, તેણીએ પણ પોતાના નિવેદનમાં બનાવની હકીકતને સમર્થન આપેલ છે અને ભોગ બનનારે આરોપી નંબર–૧ વિરૂધ્ધ ફરીયાદ કરેલાનું સદર સાહેદને જણાવેલ ત્યારે તેણીએ પણ ભોગ બનનારને કહેલ કે, તેણીના લગ્ન પહેલા આરોપી નંબર–૧ તેણીની સાથે પણ શારીરિક સંબંધ જબરજસ્તીથી બાંધતા હતા અને તે રીતે શોષણ કરતા હતા અને તેણીને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપતા હતા અને તેમની પાસે છરી, ધારીયા ઘરમાં રાખતા હતા અને તેઓએ પણ કોઇને ન કહેવા કહેલુ અને સાહેદે આબરૂ ના જાય એટલે કોઇને

કહેલ નહીં તેવી હકીકત જણાવેલ છે. આમ, ઉપરોકત સાહેદે પણ પોતાની જુબાનીમાં પોતાની સાથે આરોપી નંબર–૧ નાએ શરીર સંબંધ બાંધી શારીરિક શોષણ કરેલ હોવાની હકીકતો જણાવેલ છે. વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૬ ભોગ બનનારની સૌથી મોટી બહેનની આંક–૩૫ ની જુબાની ધ્યાને લેતા, ભોગ બનનારે સદર સાહેદને પણ આરોપી નંબર–૧ નાએ તેણી સાથે બળાત્કાર કરેલ હોવાનું જણાવેલ. જેથી સદર સાહેદે પણ આરોપી નંબર–૧ પહેલા તેણી સાથે પણ બળાત્કાર કરતા હતા અને લગ્ન થઇ ગયેલા, તેથી તેણીએ વિચાર્યુ કે તેણીની બહેનો સાથે તેણીના પિતાજી આવુ નહીં કરે, પરંતુ ભોગ બનનાર બહેન સાથે તેણીના પિતાજીએ ગંદુ કામ કરેલ હોવાની વાત તેણીની બહેને કરેલ. જેથી ભોગ બનનારે તેણીના પિતા વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ આપેલી. સદર સાહેદે પણ પોલીસ સમક્ષ જવાબ લખાવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, ભોગ બનનાર બહેને સદર સાહેદને જણાવેલ કે, આરોપી નંબર–૧ નાઓ તેણીને અવાર નવાર હેરાન કરતા, પરંતુ છેલ્લા ચાર–પાંચ વર્ષથી ભોગ બનનાર બહેન સાથે બળાત્કાર કરતા હતા. આરોપી નંબર–૧ સદર સાહેદ સાથે પણ બળાત્કાર કરતા હતા, પરંતુ તેણીએ કોઇને કહેલ નહીં. કારણ કે, તેણી એવુ નહોતી ઇચ્છતી કે તેમના ઘરની આબરૂ જાય. વધુમાં, સદર સાહેદે જણાવેલ છે કે, તેણીથી નાની બીજા નંબરની બહેને પણ તેણીને જણાવેલ કે, તેણીની સાથે પણ આરોપી નંબર–૧ બળાત્કાર કરતા હતા. પરંતુ, આબરૂ જવાની બીકે તેણીએ પણ કોઇને કહેલ નહીં અને તેણીના લગ્ન થઇ ગયેલ છે અને તેણી સાસરીમાં રહે છે, તેવી હકીકતો જણાવેલ છે. વધુમાં, બચાવપક્ષે થયેલ ઉલટતપાસ ધ્યાને લેતા, સદર સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતનું ખંડન થયેલ હોવાનું ઉલટતપાસ જોતા જણાઇ આવતુ નથી. વધુમાં, આંક–૩૬ થી રજુ થયેલ સદર સાહેદની ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન ધ્યાને લેતા, સદર સાહેદની હકીકતને પણ ઉપરોકત ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનની હકીકતથી સમર્થન મળે છે અને સદર સાહેદના લગ્ન પહેલા આરોપી નંબર–૧ તેણીની સાથે પણ શારીરિક સંબંધ જબરજસ્તીથી બાંધતા હતા અને તેણીનું શોષણ કરતા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા હતા તેવી હકીકતો જણાવેલ છે. વધુમાં, સાહેદ નંબર–૨ ભોગ

બનનારની માતાની આંક–૨૦ ની જુબાની જોતા, ભોગ બનનારે સદર સાહેદને આરોપી નંબર–૧ આજથી સાતેક વર્ષથી તેણીની સાથે અડપલા કરતો અને તેણીને હેરાન કરતો અને તેણી સાથે ખરાબ કામ કરતો હતો તેવી હકીકતો જણાવેલ અને આ બાબતે સદર સાહેદે આરોપી નંબર–૧ ને વાત કરતા આરોપી નંબર–૧ નાએ તેણીને માર મારેલ અને મારી નાંખવાની ધમકી આપેલી. જેથી સદર સાહેદે તેમની બીજી બે દિકરીઓને બનાવ વિશે વાત કરેલી અને તેઓને ફરીયાદ કરવાનું જણાવેલ. બચાવપક્ષની ઉલટતપાસ જોતા, ફરીયાદ કરી ત્યારે તેઓ ભાડાના મકાનમાં રહેતા હતા અને આ મકાન એક રૂમ અને એક ઓસરીવાળુ હતુ અને ઓસરીના ભાગે દરવાજો નથી તેવી હકીકતો સ્વીકારેલ છે તેમજ તેણી, તેણીના પતિ અને તેમની દિકરીઓ એકજ મકાનમાં રહેતા હતા તેવુ સ્વીકારેલ છે. આમ, ઉપરોકત ઉલટતપાસ જોતા, બચાવપક્ષે ભોગ બનનારની હકીકતનું ખંડન કરવા માટે પ્રયત્ન કરેલ છે. પરંતુ, ઉપરોકત ઉલટતપાસથી બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ઉલટાનું રેકર્ડ ઉપરનો ઉપરોકત પુરાવો જોતા, ભોગ બનનારની હકીકતે મેડીકલ ઓફિસર સમક્ષની હિસ્ટ્રી, ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનથી સમર્થન મળે છે. તે ઉપરાંત, ભોગ બનનારની બંને મોટી બહેનો સાથે પણ આરોપી નંબર–૧ નાએ શારીરિક સંબંધ બાંધી શોષણ કરેલ હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવે છે અને તેઓની હકીકતને પણ તેઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનોથી સમર્થન મળેલ છે અને તે રીતે બંને ભોગ બનનારની બહેનોના પુરાવાથી ભોગ બનનારની હકીકતને સમર્થન મળે છે. તેવી જ રીતે, ભોગ બનનારના માતાએ બનાવ નજરે જોયેલ નથી. પરંતુ, ભોગ બનનારે તેણીને બનાવની હકીકત જણાવેલ છે તે જોતા, ભોગ બનનારની માતાની જુબાનીથી પણ ભોગ બનનારની હકીકતને સમર્થન મળે છે.

(૩૦) વધુમાં, આ કામે તપાસેલ પોલીસ સાહેદોની જુબાની જોતા, સાહેદ નંબર–૧૨ ભારતીબેન કુલજીભાઈ ચૌધરીએ આંક–૫૫ થી જુબાની આપેલ છે. જેઓની બચાવપક્ષની ઉલટતપાસ જોતા, ગુનાવાળી જગ્યાની આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલ હોવાનું અને જાહેર રોડ આવેલ

હોવાનું તેમજ ગુનાવાળી જગ્યાની આજુબાજુના રહેણાંકના લોકોના નિવેદન લીધેલ ન હોવાનું સ્વીકારેલ છે. પરંતુ, બચાવપક્ષની ઉપરોકત ઉલટતપાસ આધારે ફરીયાદ પક્ષની હકીકત શંકાસ્પદ હોવાનું જણાઇ આવતુ નથી. વધુમાં, સાહેદ નંબર–પ પંચ વિવેકકુમાર ભગવાનભાઇ પારૂપરલાની આંક–૩૧ ની જુબાની જોતા, તેઓએ આંક–૩૨, આંક–૩૩ તથા આંક–૩૪ ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ, સદર ઉલટતપાસથી બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જો કે, આંક–૩૨ ના પંચનામાની વિગતે આરોપી નંબર–૧ ના કપડા તથા આંક–૩૩ ના પંચનામાની વિગતે ભોગ બનનારના કપડા કબજે કરવામાં આવેલ છે. જે કપડા એફ.એસ.એલ.માં પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલા. જેનો રીપોર્ટ આંક–૭૪ થી ફરીયાદ પક્ષે રજુ કરેલ છે. સદર રીપોર્ટ ધ્યાને લેતા, ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જો કે, આ કામે ભોગ બનનાર તથા તેમની બંને બહેનોનો પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપી નંબર–૧ નાએ પ્રથમ ભોગ બનનારની સૌથી મોટી બહેન સાથે અને ત્યારબાદ ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેન સાથે અને ત્યારબાદ ભોગ બનનાર સાથે બળજબરીપૂર્વક ધાક ધમકી આપી અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થાય છે અને ભોગ બનનાર તથા તેમની બંને બહેનોના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનોથી તથા મેડીકલ ઓફિસરશ્રીઓના પુરાવાથી તેમજ પોલીસ સાહેદોના પુરાવાથી પણ ભોગ બનનારની હકીકતને સમર્થન મળે છે.

(૩૧) વધુમાં, ફરીયાદ પક્ષના ઉપરોકત પુરાવાનું ખંડન કરવા માટે બચાવપક્ષે આરોપી નંબર–૧ તરફે સાહેદ નંબર–૧ નંદાબેન વનાજી ઠાકોરને આંક–૮૮ થી તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતા, તેઓ આરોપી નંબર–૧ ના સૌથી નાના બહેન છે. તેઓના જણાવ્યા મુજબ, આરોપી નંબર–૧ અને ભોગ બનનારની માતા વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા અને ભોગ બનનારની બંને મોટી બહેનો કોઇ છોકરાઓ સાથે ભાગી ગયેલ હોવાનું જણાવેલ છે તેમજ આરોપી નંબર–૨ સાથે ભોગ બનનારની

માતાને પ્રેમ સંબંધ હોવાનું અને તેના કારણે તેણીના ભાઇ–ભાભીને ઝઘડા થતા હોવાનું જણાવેલ છે અને આ પ્રેમ સંબંધના કારણે આરોપી નંબર–૨ નાઓ સાથેના મેળાપીપણામાં આરોપી નંબર–૧ ને ભોગ બનનાર મારફતે ફરીયાદ કરાવી જેલમાં પુરાવેલ હોવાનું જણાવેલ છે. આરોપી નંબર–૧ નાએ તેણીને કે અન્ય કોઇ બહેન દિકરીને કે ગામની કોઇ બહેન દિકરીને કોઇ અડપલા કરેલ હોય કે ખરાબ કોઇ કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી અને આરોપી નંબર–૧ કડક સ્વભાવના હોવાથી, તેમના ભાભી અને ભત્રીજીઓને ગમતુ ન હોવાથી પણ હાલની ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે. જો કે, ફરીયાદપક્ષની ઉલટતપાસ જોતા, હાલની ફરીયાદ થઇ તે અરસામાં તેઓ પાટણ મુકામે રહેતા હતા તેવુ સ્વીકારેલ છે અને આરોપી નંબર–૧ તેના પરિવાર સાથે અન્ય ગામમાં અલગથી રહેતા હતા તેવુ પણ સ્વીકારેલ છે. વધુમાં, મોટી બે દિકરીઓ ભાગી ગયેલાનું તેણીએ જણાવેલ છે તે બાબતે તેઓએ કોઇ ફરીયાદ કરેલ નથી તેવુ સ્વીકારેલ છે. વધુમાં, આરોપી નંબર–૨ તરફેની સાહેદની ઉલટતપાસ જોતા, આરોપી નંબર–૧ જેલમાંથી નીકળે તે સારૂ જુબાની આપવા આવેલ હોવાનું સ્વીકારેલ છે તેમજ દરેક મુદ્દતે તેણી કોર્ટમાં આરોપી નંબર–૧ ને મળવા આવે છે અને જેલની મુલાકાતે પણ જાય છે. વધુમાં, પોલીસે તેણીનો કોઇ જવાબ લીધેલ નથી તેવુ સ્વીકારેલ છે. વધુમાં, તેણીના લગ્ન ત્રીસેક વર્ષ પહેલા થયેલા અને તેણી સાસરીમાં રહે છે અને વાર તહેવારે તથા પ્રસંગોપાત તેમના ભાઇના ઘરે જાય છે, તેવુ સ્વીકારેલ છે. આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતા, સદર સાહેદની જુબાનથી ફરીયાદ પક્ષની હકીકતનું ખંડન થતુ નથી અને આરોપી નંબર–૧ તેણીના ભાઇ થતા હોઇ, જેને કારણે તેણીએ હાલની જુબાની આપેલ હોવાનું જણાઇ આવે છે. તે સંજોગોમાં આરોપી નંબર–૧ તરફથી રજુ થયેલો હાલનો પુરાવો આરોપી નંબર–૧ ને મદદરૂપ થતો નથી.

**(૩૨)** આમ, મુદ્દા નંબર–૧ માં ચર્ચા કર્યા મુજબ, ભોગ બનનાર સાથે સને–૨૦૧૭ ની સાલથી બનેલ બનાવના અરસામાં ભોગ બનનાર સગીર વયના હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થયેલ છે અને તે સંજોગોમાં સને–૨૦૧૭ ની સાલમાં ભોગ બનનાર સગીર વયના હોવાનું

આ કામના આરોપી નંબર–૧ કે જે ભોગ બનનારના પિતા પણ છે, તેઓ જાણતા હોવા છતા, ભોગ બનનાર સાથે અવાર નવાર શારીરિક અડપલા કરી તેણીની સાથે શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરેલ હોવાનું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકા રહિત સ્પષ્ટ અને નક્કર પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ હોઇ, **મુદ્દા નંબર–૨** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૩ ::–**

**(૩૩)** વધુમાં, આ કામે આરોપી નંબર–૧ નાએ ભોગ બનનારને શરીર સંબંધ બાંધવા ઇન્કાર કરે તો તેણીની સાથે અવાર નવાર મારઝુડ કરી સ્વેચ્છાએ વ્યથા પહોંચાડેલ હોવાની અને તેણીની માતા અને ભાઇને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોવાના આક્ષેપો દર્શાવતુ તહોમત ફરમાવેલ છે. જે સંદર્ભે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, ભોગ બનનારે તેણીની આંક–૨૫ ની જુબાનીમાં આ કામના આરોપી નંબર–૧ નાએ તેણીને મારઝુડ કરેલ હોવાની કોઇ જ હકીકત જણાવેલ નથી તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું આંક–૨૭ નું નિવેદન ધ્યાને લેતા, તેમાં પણ આરોપી નંબર–૧ નાએ ભોગ બનનારને મારઝુડ કરતા હોવાનું જણાવેલ નથી. વધુમાં, ભોગ બનનારના માતાની આંક–૨૦ ની તથા ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેનની આંક–૨૮ ની જુબાની તથા ભોગ બનનારની સૌથી મોટી બહેનની આંક–૩૫ ની જુબાની ધ્યાને લેતા, તેઓ સમક્ષ પણ ભોગ બનનારે આ કામના આરોપી નંબર–૧ મારઝુડ કરતા હતા તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં, મેડીકલ ઓફિસર ડો.તબસુમ પઠાણની આંક–૩૭ ની જુબાની જોતા, તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં પણ આરોપી ભોગ બનનારને મારઝુડ કરતા હતા તેવી કોઇ હકીકત જણાવેલ નથી તેમજ ભોગ બનનારને કોઇ શારીરિક ઇજા થયેલ હોય તે બાબતનો કોઇ મેડીકલ પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, આ કામે ભોગ બનનારની આંક–૨૫ ની જુબાની જોતા, આરોપી નંબર–૧ તેણીને તું આ વાત કોઇને કહીશ તો તારી માતા અને ભાઇને મારી નાંખીશ તેવી ધમકીઓ આપતા હોવાનું સરતપાસમાં જણાવેલ છે તેમજ આંક–૨૭ ના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનમાં

પણ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ, મેડીકલ ઓફિસર સમક્ષની હિસ્ટ્રીમાં તેમજ ભોગ બનનારે પોતાની માતા અને બંને બહેનો સમક્ષ પણ આ કામના આરોપી નંબર–૧ નાઓ ભોગ બનનારને આવી ધમકી આપતા હોવાની કોઇ જ હકીકત જણાવેલ નથી. તે સંજોગોમાં આ કામના આરોપી નંબર–૧ નાઓ ભોગ બનનાર શરીર સંબંધ બાંધવાનો ઇન્કાર કરે તો તેણીને અવાર નવાર મારઝુડ કરતા અને તેણીના માતા અને ભાઇને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોવાની હકીકતો ફરીયાદ પક્ષ વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, **મુદ્દા નંબર–૩** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૪ ::–**

**(૩૪)** આ કામના આરોપી નંબર–૨ વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામું ધ્યાને લેતા, ભોગ બનનાર સગીર વયની હોવાનું આરોપી નંબર–૨ નાઓ જાણતા હોવા છતા, ભોગ બનનાર સાથે બનેલ બનાવ બાબતે ભોગ બનનારની ઓળખ છતી થાય તે રીતનો આરોપી નંબર–૨ નાએ પોતાના મોબાઇલમાં વિડીઓ બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરી ગુનો આચરેલ હોવાનું તહોમત ફરમાવેલ છે. જે બાબતે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, સૌપ્રથમ સાહેદ નંબર–૩ ભોગ બનનારની આંક–૨૫ ની જુબાનીમાં આરોપી નંબર–૨ વિરૂધ્ધની હકીકતો જોતા, ફરીયાદ આપ્યા બાદ તેઓના ગામના ગોપાલ ભરવાડે તેણીની સાથે બનેલ બનાવ અંગેનો વિડીઓ બનાવ્યો અને તે વિડીઓ વાયરલ કરેલ. જે બાબતે પોલીસે તેણીની પુછપરછ કરી નિવેદન લીધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, તેણીનો વિડીઓ વાયરલ થયા બાદ ગામના લોકોએ તેણીને તથા તેણીની માતાને મેણા–ટોણાં મારવા લાગેલા. જેમાં ભોગ બનનાર વિશે એવુ કહેવા લાગેલ કે, તેણી તેણીના બાપાની સાથે ઉંઘેલ છે. જેથી તેણી અને તેણીની માતા ગામ છોડીને તેણીના મામાના ગામ રહેવા જતા રહેલા હોવાનું જણાવેલ છે અને આરોપી નંબર–૨ ને ઓળખી બતાવેલ છે. ઉપરોકત મુદ્દા સંદર્ભે બચાવપક્ષની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, ફરીયાદ આપી તે પહેલા તેણી ગોપાલ ભરવાડને

ઓળખતી ન હતી. વધુમાં, તેણીએ સ્વીકારેલ છે કે, ફરીયાદના અરસામાં તેણીને મોબાઇલમાં સોશીયલ મીડીયા વાપરતા આવડતુ ન હતુ. વધુમાં, તેણીએ સ્વીકારેલ છે કે, તેણીનો વિડીઓ વાયરલ થયા બાદ ગામના લોકોએ તેણીને તથા તેણીની માતાને મેણા-ટોણાં મારવા લાગેલા અને જેમાં ભોગ બનનાર વિશે એવુ કહેવા લાગેલ કે, તેણી તેણીના બાપાની સાથે ઉંઘેલ છે. જેથી તેણી અને તેણીની માતા ગામ છોડીને તેણીના મામાના ગામ રહેવા જતા રહેલા હોવાનું પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. વધુમાં, તેણીએ સ્વીકારેલ છે કે, કહેવાતો વિડીઓ કેટલી મીનીટનો હતો તેની ખબર નથી. વધુમાં, આ કામે સાહેદ નંબર-૨ ભોગ બનનારની માતાની જુબાની જોતા, તેણીએ આરોપી નંબર-૨ વિરૂધ્ધ કોઇ હકીકત જણાવેલ નથી. તેજ રીતે, સાહેદ નંબર-૪ ભોગ બનનારની ત્રીજા નંબરની મોટી બહેનની આંક-૨૮ ની તથા સાહેદ નંબર-૬ ભોગ બનનારની સૌથી મોટી બહેનની આંક-૩૫ ની જુબાની જોતા, તેઓએ પણ આરોપી નંબર-૨ વિરૂધ્ધ કોઇ જ હકીકત જણાવેલ નથી. વધુમાં, સાહેદ નંબર-૯ પંચ કનુભાઇ મગનભાઇ સોલંકીની આંક-૪૮ ની જુબાની જોતા, તેઓ તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ પોલીસ સ્ટેશન ગયેલા અને તે વખતે તેમની સાથે બીજા પંચ હાજર હતા અને ત્યાં પોલીસને મળેલા અને પોલીસે તેઓને વિડીઓ બતાવેલ અને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. પોલીસે જે કેસેટ બતાવેલ તે કેસેટનું શું કરેલ તેની ખબર ન હોવાનું અને કેસેટમાં કોઇ ભાઇ બોલતા હતા, તે શું બોલતા હતા તેની ખબર ન હોવાનું જણાવેલ છે. બચાવપક્ષની ઉલટતપાસ જોતા, પોલીસે તૈયાર કરેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ અને કમલેશભાઇએ સહી કરી આપેલી અને આ કાગળમાં પોલીસે શું લખેલ તેની ખબર ન હોવાનું તેઓએ સ્વીકારેલ છે. આમ, ઉપરોકત પંચ સાહેદની જુબાની જોતા, તેઓના પુરાવાથી આંક-૪૯ ના પંચનામાની હકીકતોની પુરવાર થતી નથી. વધુમાં, સાહેદ નંબર-૧૦ પંચ મુકેશભાઇ ઇન્દુભાઇ રાવલની આંક-૫૦ ની જુબાની જોતા, તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ તેઓ પાટણ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ત્યાં આરોપી ગોપાલભાઇ ભરવાડ હાજર હતા. જેમણે મોબાઇલમાં વિડીઓ ઉતારેલ હતો અને વિડીઓ વાયરલ કરેલ હતો. આ વિડીઓ તેમણે જોયેલ. આ વિડીઓ પાંચેક મીનીટનો

હતો. મોબાઈલ ઓપો કંપનીનો સીલ્વર કલરનો હતો. આ મોબાઈલ પોલીસે પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી તપાસ અર્થે કબજે કરેલ હોવાનું જણાવી આંક–૫૧ ના પંચનામા ઉપરની પોતાની અને બીજા પંચ મહેન્દ્રભાઈની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં, બચાવપક્ષ તરફેની ઉલટતપાસ જોતા, તેમણે સ્વીકારેલ છે કે, પોલીસના સાહેબે મોબાઈલ રજુ કરેલ અને પોલીસના સાહેબે કહેલ કે, મોબાઈલમાં વિડીઓ છે અને તેનું પંચનામું કરવાનું છે. આમ, ઉલટતપાસ જોતા, પોલીસે મોબાઈલ રજુ કરેલ અને તે મોબાઈલમાં વિડીઓ હોવાનું અને તેનું પંચનામું કરવાનું હોવાનું જણાવેલ હોવાનું સાહેદે સ્વીકારેલ છે. જો કે, આ કામે સદર સાહેદની જુબાનીમાં કરવામાં આવેલ નોંધ ધ્યાને લેતા, સદર મોબાઈલ આરોપી નંબર–૨ દ્વારા શરતોને આધિન વચગાળાના તબક્કે છોડાવવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતા આરોપી નંબર–૨ ગોપાલભાઈએ પોલીસ સમક્ષ મોબાઈલ રજુ કરેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં, સાહેદ નંબર–૧૨ તપાસ કરનાર અધિકારી ભારતીબેન કુલજીભાઈ ચૌધરીની આંક–૫૫ ની જુબાની ધ્યાને લેતા, તપાસના કામે ફરીયાદી/ભોગ બનનારે તાજેતરમાં સોશીયલ મીડીયામાં ભરવાડ ગોપાલભાઈનાઓએ વિડીઓ બનાવી જાહેર કરેલાનું તેમના કૌટુંબિક લોકો દ્વારા જાણ થયેલ અને તેમાં તેઓની કોઈ લેખિત કે મૌખિક સંમતિ મેળવેલી નહીં અને તેમાં ભોગ બનનારની વિગતો જાહેર કરી ઓળખ છતી કરેલ હોવાની એક લેખિત અરજી આપેલ. જે આંક–૭૯ થી રજુ છે. સદર અરજી તેઓએ કામમાં સામેલ રાખેલ અને આરોપીને બોલાવી પુછપરછ કરી અટક કરેલ અને બે સરકારી પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મોબાઈલ કબજે કરેલ અને તેની ડી.વી.ડી. બનાવીને મોબાઈલ તથા ડી.વી.ડી.ને એફ.એસ.એલ. તપાસણી અર્થે રવાનગી ફોર્મ ભરીને મોકલી આપેલ હોવાનું જણાવેલ છે. ઉપરોકત મુદ્દા બાબતે બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદીની ફરીયાદમાં આરોપી નંબર–૨ નું કોઈ નામ જાહેર થયેલુ ન હતુ તેમજ આંક–૭૯ ની અરજીમાં તેઓની કે કોઈ પોલીસ અધિકારીની સહી ન હોવાનું પણ સ્વીકારેલ છે તેમજ આંક–૭૯ ની અરજીમાં સોશીયલ મીડીયામાં કઈ એપ્લીકેશનથી વિડીઓ વાયરલ કરેલ તે ભોગ બનનારે જણાવેલ નથી તેમજ આંક–૭૯ ની અરજી સંદર્ભે સંમતિ બાબતે ભોગ બનનારના

કુટુંબીજનોના નિવેદનો લીધેલા નથી તેવુ પણ સ્વીકારેલ છે તેમજ વિડીઓ જોયેલ હોય તેવા કોઈ સાહેદના નિવેદન તપાસના કામે લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ડી.વી.ડી. ભોગ બનનારે રજુ કરેલ. જો કે, સ્વેચ્છાએ જણાવેલ છે કે, આરોપીના મોબાઈલમાં પણ વિડીઓ હતો. જે એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલી આપેલો. તેઓએ સ્વીકારેલ છે કે, ડી.વી.ડી.કબજે કર્યાના પંચનામામાં વિડીઓ ફાઈલનું નામ VID-20240527WA0044.MP4 લખેલ છે અને તેની સાઈઝ ૬૬.૬ એમ.બી.ની હતી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીએ રજુ કરેલ મોબાઈલનું પંચનામું તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી પાસેથી મોબાઈલ કબજે કર્યાના પંચનામામાં વિડીઓનું નામ અને સાઈઝ લખેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેમાં ૫ મીનીટ અને ૨૪ સેકન્ડનો વિડીઓ હોવાનું લખેલ છે. વધુમાં, તેઓએ સ્વીકારેલ છે કે, મોબાઈલ તા.૧૩/૦૬/૨૦૨૪ ના રોજ તપાસણી અર્થે ગાંધીનગર ખાતે મોકલી આપેલ. વધુમાં, તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ ડી.એફ.એસ. ગાંધીનગરના રીપોર્ટમાં વિડીઓ ફાઈલનું નામ VID-20240512202535 લખેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, ફરીયાદીએ રજુ કરેલ તે સોશીયલ મીડીયામાંથી મેળવીને ડી.વી.ડી.બનાવીને રજુ કરેલ. જયારે તેઓએ મુદ્દામાલ મોબાઈલ કબજે કરેલ તે મોબાઈલમાં જે વિડીઓ હતો તેની નોંધ એફ.એસ.એલ. રીપોર્ટમાં કરેલ છે તેવુ જણાવેલ છે. વધુમાં, આ કામે સદર મોબાઈલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ. જેનો રીપોર્ટ આંક-૭૬ થી રજુ થયેલ છે. જે ધ્યાને લેતા, તેમાં એડીટ કે અલ્ટરેશન થયાના કોઈ ચિન્હો જણાઈ આવેલ ન હોવાનું જણાવેલ છે. સદર રીપોર્ટમાં એકઝીબીટ-૧ સેલફોન (મોબાઈલ ફોન) માં જે વિડીઓ ફાઈલ છે તેનું નામ તેઓએ VID20240512202535 લખેલ છે. વધુમાં, ભોગ બનનારે આંક-૪૯ થી રજુ થયેલ પંચનામાની વિગતે જે ડી.વી.ડી. રજુ કરેલ તેનું નામ VID-20240527WA0044.MP4 લખેલ છે અને તેની સાઈઝ ૬૬.૬ એમ.બી. લખેલ છે. આમ, ઉપરોકત હકીકત જોતા, એફ.એસ.એલ.રીપોર્ટમાં જે ફાઈલનો ઉલ્લેખ છે તે મોબાઈલની ફાઈલનો ઉલ્લેખ છે. જયારે આંક-૪૯ માં જે ફાઈલનો ઉલ્લેખ છે તે ભોગ બનનારે રજુ કરેલ ફાઈલનો ઉલ્લેખ છે. જેથી

ફાઇલ બદલાઇ ગયેલ હોય કે તેની સાથે ચેડા થયેલ હોય તેવી બચાવપક્ષની રજુઆત ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. પરંતુ, આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, આંક–૭૬ ના રીપોર્ટમાં સદર ફાઇલમાં શું કન્ટેન્ટ હતા તે બાબતે કોઇ ઉલ્લેખ નથી. તે જ રીતે, આંક–૭૬ ના રીપોર્ટ મુજબ, સેલફોનમાંથી જે ફાઇલ મળેલ તે ફાઇલને સી.ડી.આર.માં કોપી કરવામાં આવેલ અને તેને એનેક્ષર–'એ' આપવામાં આવેલ. જે આ કામે આંક–૭૮ થી રજુ છે. સદર આંક–૭૮ ની સી.ડી.આર. કોર્ટ રૂબરૂ ચાલુ કરી તેમાં શું કન્ટેન્ટ છે તે રેકર્ડ ઉપર લાવવાનો અને પુરવાર કરવાનો ફરીયાદ પક્ષે કોઇ પ્રયત્ન પણ કરેલ નથી. જો કે, કોર્ટ દ્વારા સદર સી.ડી.આર. કોમ્પ્યુટરમાં ચાલુ કરી ચેક કરતા તેમાં શરૂઆતના બે–ત્રણ વાકયો બાદ સી.ડી. અટકી જાય છે અને જે વાકયો બોલવામાં આવેલ છે તેમાં ભોગ બનનારની ઓળખ છતી થતી હોય તેવુ સ્પષ્ટપણે જણાઇ આવતુ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે આ કામના આરોપી નંબર–૨ નાએ કયા સોશીયલ મીડીયા પ્લેટફોર્મ ઉપર અગર કઇ એપ્લીકેશનથી વિડીઓ વાયરલ કરેલો, તે બાબતનો કોઇ સ્પષ્ટ પુરાવો રજુ કરેલો નથી. આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતા, ભોગ બનનાર સગીર વયની હોવાનું આરોપી નંબર–૨ નાઓ જાણતા હોવા છતા, ભોગ બનનાર સાથે બનેલ બનાવ બાબતે ભોગ બનનારની ઓળખ છતી થાય તે રીતનો આરોપી નંબર–૨ નાએ પોતાના મોબાઇલમાં વિડીઓ બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરી ગુનો આચરેલ હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, મુદ્દા **નંબર–૪** નો ઉત્તર **નકાર**માં ઠરાવી **મુદ્દા નંબર–૫** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આ કામના આરોપી નં.**(૧) ચંદનજી વિહાજી ઠાકોર,** રહે.અનાવાડા, ઇન્દીરાપરૂ, તા.જી.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના ગુના સબબ દોષિત

ઠરાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં.**(૧) ચંદનજી વિહાજી ઠાકોર,** રહે.અનાવાડા, ઈન્દીરાપરૂ, તા.જી.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૬(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુના ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નં.**(૨) ગોપાલભાઈ ધનાભાઈ રણછોડભાઈ ભરવાડ,** રહે.અનાવાડા, રામદેવપીર મંદિરની બાજુમાં, તા.જી.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૨૨૮(એ) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા પોક્સો એકટની કલમ–૨૩(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુના ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી નં.**(૧) ચંદનજી વિહાજી ઠાકોર,** રહે.અનાવાડા, ઈન્દીરાપરૂ, તા.જી.પાટણવાળાને સજાની બાબતે સાંભળવા કામ મુલત્વી.

હુકમ આજરોજ તારીખ **૨૩** મી, માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૪/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.

(૧) સજા અંગે સાંભળ્યા. આરોપી તરફેની રજુઆત મુજબ, તેઓ ઉંમર લાયક વ્યકિત છે અને ગરીબ વર્ગના છે અને સતત બિમાર રહે છે તેમજ તેઓ સામે અગાઉ કોઇ ગુનો નોંધાયેલો નથી. જેથી આરોપી ઉપર દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલી છે. જયારે વિદ્વાન સરકારી વકીલશ્રીની રજુઆત મુજબ, જયારે ભોગ બનનાર સગીર વયની હતી ત્યારથી આ કામના આરોપી નંબર–૧ કે જે ભોગ બનનારના સગા પિતા થતા હોવા છતા, પોતાની જ ભોગ બનનાર દિકરી ઉપર દુષ્કૃત્ય આચરેલ છે અને તેના કારણે તેણીને ખુબ જ શારીરિક અને માનસિક તકલીફોનો સામનો કરવો પડેલ છે. જયારે ભોગ બનનાર ઉપર થયેલ બળાત્કારનો ગુનો પુરવાર થતો હોય ત્યારે અદાલતે હળવુ કે કુણું વલણ અખત્યાર કરવુ જોઇએ નહીં. આ કામે આરોપી ખુદ ભોગ બનનારના પિતા હોય અને તેઓએ અવાર નવાર ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી તેણીનું શારીરિક શોષણ કરેલ હોય તેમજ રેકર્ડ ઉપરના પુરાવા મુજબ, આરોપી નંબર–૧ નાએ પોતાની અન્ય બે મોટી દિકરીઓ સાથે પણ બળજબરીપૂર્વક અને તેઓની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી તેઓનું પણ શારીરિક શોષણ કરેલ હોય અને આરોપી નંબર–૧ પોતાની સગી દિકરીઓનું શોષણ કરવાની ટેવવાળા હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થયેલ છે ત્યારે આરોપીને દાખલો બેસાડે તે રીતેની મહત્તમ સજા કરવા તથા ભોગ બનનારને મહત્તમ વળતર અપાવવા રજુઆત કરેલી છે.

(૨) સમગ્ર પુરાવા ઉપરથી એવુ નિ:શંકપણે પુરવાર થયેલુ છે કે, ભોગ બનનાર સગીરા હતી અને તેણી સંમતિ આપવાને લાયક ન હતી, તેણી તેણીનું સારૂ નરસું વિચારી શકે તેમ ન હતી. આરોપી નંબર–૧ ભોગ બનનારના સગા પિતા હોવાથી, ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા, આરોપી નંબર–૧ નાએ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી તેણીનું શારીરિક શોષણ કરેલ છે. એક પિતાની પોતાના બાળકનું રક્ષણ કરવાની જવાબદારી હોવા છતા, આરોપી નંબર–૧ નાએ પોતાની સગી દિકરીનું રક્ષણ કરવાને બદલે શારીરિક શોષણ કરેલ હોઇ, એક પિતા–પુત્રીના પવિત્ર સબંધને લાંછન લાગે તેવુ તેમજ

સમાજ માટે કલંકરૂપ કૃત્ય આરોપી નંબર–૧ નાએ આચરેલ હોવાનું ધ્યાને લેતા, આરોપી નંબર–૧ દયાને પાત્ર જણાઇ આવતા નથી. જેથી સજા અંગે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આ કામના આરોપી નં.**(૧) ચંદનજી વિહાજી ઠાકોર,** રહે.અનાવાડા, ઈન્દીરાપરૂ, તા.જી.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના ગુન્હા માટે દોષિત ઠરાવી વીસ (૨૦) વર્ષની સખત કેદની સજા અને રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે. આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ત્રણ (૦૩) માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પોકસો એકટની કલમ–૪૨ ધ્યાને રાખતા, પોકસો એકટ સ્પેશ્યલ એકટ હોઇ, તેમાં કરવામાં આવેલી જોગવાઇ મુજબ, ઇ.પી.કોડની કલમ–૩૭૬ હેઠળ આરોપી નંબર–૧ ને અલગથી સજા કરવામાં આવતી નથી તેમજ આરોપી નંબર–૧ ને કરવામાં આવેલી તમામ સજાઓ એકીસાથે ભોગવવી.

(૩) આરોપી નંબર–૧ જયુડીશ્યલ કસ્ટડીમાં રહેલ હોય તેટલા દિવસો ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ તળે બાદ આપવા.

(૪) આ કામના ભોગ બનનારને રૂા.૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પુરા) વળતર તરીકે ચુકવી આપવા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણનાઓને આથી ભલામણ કરવામાં આવે છે. વધુમાં, સદર ભોગ બનનારને અગાઉ કોઈ વચગાળાના વળતર તરીકે કોઈ રકમ ચુકવેલ હોય તો તે ચુકવેલ રકમ બાદ કરીને બાકી રહેતી રકમ ચુકવવાની રહેશે.

(૫) ભોગ બનનારને પુરતુ વળતર મળી રહે તે હેતુથી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણનાઓ તરફ આ હુકમની એક નકલ મોકલી આપવી.

(૬) આ કામે કબજે લેવામાં આવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ હુકમની ખરી નકલ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩ મુજબ વિના મુલ્યે આરોપી નંબર–૧ નાઓને તુરંત જ પુરી પાડવી.

(૮) આ હુકમની ખરી નકલ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૫ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણનાઓને મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ **૨૩** મી, માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૪/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.

KBS.